CMYK

RNI NO. 46434/87,
ઓફિસઃ શ્રી નૂતન સૌરાષ્ટ્ર દૈનિક, ભક્તિનગર રેલ્વે સ્ટેશન સર્કલ, મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય પાસે, ટાગોર રોડ, રાજકોટ.
Email: nutanpress@yahoo.com, snssamachar.com

# શ્રી નૂતન સૌરાષ્ટ્ર

SINCE 1948 SHRI NUTAN SAURASHTRA

તંત્રી વિભાગ
૦૨૮૧-૨૪૬૬૭૭૨
૯૮૯૮૦૯૩૯૩૫
જાહેર ખબર વિભાગ
૯૮૯૮૨૦૩૫૩૬
ઓફિસ/વોટ્સએપ
૯૪૦૮૯૯૧૪૪૯

તંત્રી : વિક્રમ હસમુખરાય રાવલ, પુસ્તક-૧૧૦, અંકઃ ૧૩૭, વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ (૨), શુક્રવાર તા.૩૧-૦૧-૨૦૨૫, પાના- ૮, કિંમત રૂા.૧-૫૦ પૈસા

### ચીન-અમેરિકાની હરોળમાં ઉભા રહેવા સરકારનો તાત્કાલીક અને સ્તુત્ય નિર્ણય

# ભારત લોંચ કરશે "India AI"

## એઆઈ મિશનને આગળ ધપાવવા ૧૦૩૭૨ કરોડ રૂપિયાની ફાળવણીને કેબિનેટની મંજુરી

નવી દિલ્હી, તા.૩૦

અમેરિકા અને ચીન બાદ હવે ભારત પણ પોતાનું AI મોડલ બનાવી રહ્યું છે. આગામી થોડા મહિનામાં IndiaAI લોન્ચ કરવામાં આવશે. આ માટે ૧૮,૬૯૩ GPUનો ઉપયોગ કરવામાં આવશે. એક પછી એક, ઘણી કંપનીઓ તેમના મોડલ લોન્ચ કરી રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની રેસમાં હવે ભારત પણ પાછળ નહીં રહે. યુનિયન મિનિસ્ટર અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ભારત હવે પોતાનું AI મોડલ તૈયાર કરી રહ્યું છે.

પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીના વિઝન મુજબ, મોર્ડન ટેક્નોલોજી દરેક માટે ઉપલબ્ધ હોવી જોઈએ. આથી હવે ભારત પણ AI પાછળ કામ કરી રહ્યું છે જેથી આ ટેક્નોલોજીનો ઉપયોગ દેશની દરેક વ્યક્તિ કરી શકે. આ સાથે જ પ્રાઈવસીને લગતાં તમામ બાબતોનું પણ ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. દરેક બાબતોનું એમાં ખૂબ જ બારીકાઈથી ધ્યાન રાખવામાં આવશે.

ભારત ખૂબ જ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે. આ પ્રોજેક્ટ છે AI મોડલ અને એ માટે કોમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ માટે ૧૮,૬૯૩ GPUનો ઉપયોગ કરવામાં આવશે. એમાંથી 12,896 Nvidia H100 GPU અને ૧,૪૮૦ Nvidia H200 GPUનો ઉપયોગ કરવામાં આવશે. હાલમાં ભારત પાસે 10,000 GPU તૈયાર છે અને એનું કામ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. બાકીના થોડા દિવસમાં આવી જશે. દેશની આર્થિક અને સામાજિક



જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ લાર્જ લેન્ગવેજ મોડલ તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ માટે ઓડિશામાં AI મોડલ માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ સેન્ટર દ્વારા AI માટેની જે જરૂરીયાતો છે એ તમામ પૂરી કરવામાં આવશે.

ભારતના AI મિશનને ૨૦૨૪ની માર્ચમાં કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટ માટે ૧૦,૩૭૨.૯૨ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ઈન્ડિયાના સ્ટાર્ટઅપ અને રિસર્ચ કમ્યુનિટીનો પણ વિકાસ કરવા માટે આ AI મોડલનો ઉપયોગ કરવામાં આવશે. આ સાથે પબ્લિક અને પ્રાઈવેટ પાર્ટનરશિપને પણ એક નવો વેગ મળી શકે અને દરેક ક્ષેત્રના લોકો એક સાથે આગળ વધે અને એના કારણે દેશનો પણ વિકાસ થાય એ ધ્યેય સાથે આ પ્રોજેક્ટ પર કામ કરવામાં આવી રહ્યું છે.

આ AI મોડલનો ઉપયોગ ખાસ કરીને હેલ્થકેર, એગ્રીકલ્ચર અને સરકારી ડિપાર્ટમેન્ટ માટે કરવામાં આવશે. દરેક ક્ષેત્રમાં AI આવવાથી કામ ખૂબ જ સરળ, ઝડપી અને ચોક્કસ થશે. એની સીધી અસર દેશના વિકાસ પર પડશે. IndiaAI એક લાર્જ લેન્ગવેજ મોડલ છે. આ મોડલ ચોક્કસ ક્ષેત્રના પ્રોબ્લેમને ખૂબ જ સારી રીતે ઉકેલશે, તેમજ જરૂરી તમામ સવાલોના જવાબ પણ ખૂબ જ સારી રીતે આપશે. આ દ્વારા IndiaAI ડેટાસેટ્સ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવશે. રિસર્ચ અને સ્ટાર્ટઅપ માટે એક ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે. આ ડેટાબેઝમાં કોઈ પર્સનલ માહિતી નહીં જોવા મળે. જોકે એમ છતાં કોઈ પણ બિઝનેસ માટે જરૂરી માહિતી મેળવવા માટેના તમામ ડેટા સરળતાથી મળી રહેશે. આ પ્લેટફોર્મની મદદથી ભારતની તમામ કંપનીઓને વધુ ઈનોવેટિવ અને એડ્વાન્સ થવા માટે પ્રોત્સાહન મળશે, તેમજ નાના-નાના બિઝનેસ પણ તેમના માટે એપ્લિકેશન બનાવી શકશે.

સરકાર આ માટે IndiaAIમાં દરેક ભાષાનો સપોર્ટ કરશે. આ માટે ફાઉન્ડેશન મોડલ પણ તૈયાર કરવામાં આવશે. આ મોડલ એટલા માટે બનાવવામાં આવી રહ્યું છે કે તેમાં ભારતની તમામ ભાષાનો સમાવેશ થાય, તેમજ એ ભાષા માટેના તમામ ડેટા પણ ઉપલબ્ધ થાય. આ સાથે એનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે કે કોઈ પણ ભાષા સાથે કોઈ પણ પ્રકારનો પૂર્વગ્રહ નહીં રાખવામાં આવે. IndiaAI આ દ્વારા AI સર્વિસ પણ શરૂ કરવા જઈ રહી છે. આ એક માર્કેટ પ્લેસ છે જ્યાં યુઝર IndiaAIની સર્વિસ મેળવી શકશે. આ માર્કેટપ્લેસમાં પહેલેથી ટ્રેઈન મોડલ્સ ઉપલબ્ધ હશે, જેનો ઉપયોગ ભારતીયો પોતાની રીતે કરી શકે છે. IndiaAIને ભારત દ્વારા ખૂબ જ પ્રમોટ કરવામાં આવશે અને દરેક કંપનીમાં તેનો ઉપયોગ કરવામાં આવે તેવા પ્રોત્સાહન પૂરાં પાડવામાં આવશે. જો એ સફળ રહ્યું, તો દરેક કંપની એડ્વાન્સ બનતી જશે અને દેશ ખૂબ જ જલદી ઊપર આવશે. આ મહિનાની શરૂઆતમાં જ મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજીએ ૧૩ કંપનીઓ સાથે મુલાકાત કરી હતી. આ દરેક કંપનીએ IndiaAI માટે જરૂરી સાધનો પૂરા પાડવા માટે અરજી કરી હતી. આ મિશનને હકીકત બનાવવા માટે પેનલમાં મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના ઓફિશિયલસ, નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર અને કેટલાક IITના એક્સપર્ટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ પેનલ નક્કી કરશે કે IndiaAIની જવાબદારી કોને સોંપવી અને કોણ આ મિશનને આગળ વધારી શકે છે.

### ડીલ થશે તો ચીન-પાક.ની વધશે મુશ્કેલી

## પહેલીવાર રશિયાનું અદ્યતન ફાઈટર જેટ ભારત આવશે

નવી દિલ્હી, તા.૩૦

રશિયાનું સૌથી અદ્યતન પાંચમી પેઢીનું સ્ટીલ્થ ફાઈટર જેટ Su-57 એરો ઈન્ડિયા ૨૦૨૫માં જોડાઈ શકે છે. રશિયા સતત Su-57ની શક્તિ બતાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. તે આ દ્વારા ભારતીય લશ્કરી અધિકારીઓ અને સરકારને સતત પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહ્યો છે.

શું ફક્ત વિમાનો જ ખરીદવામાં આવશે? અથવા ટેકનોલોજી ટ્રાન્સફર હેઠળ તેનું ઉત્પાદન ભારતમાં પણ કરવામાં આવશે. કારણ કે જો ઉત્પાદન થશે તો દેશમાં મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટને વેગ મળશે. અને રોજગારની તક પણ. ભારતમાં બનેલા ફાઈટર જેટના વેચાણથી પણ દેશને ફાયદો થશે. જો ભારત રશિયા સાથે આ ફાઈટર જેટનો સોદો કરે છે, તો ચીન અને પાકિસ્તાનની મુશ્કેલીઓ ઘણી વધી જશે. તો જાણીએ આ ફાઈટર જેટની ખાસિયત વિશે...



સ્ટીલ્થ ફાઈટર જેટ જે-૫૭ની સ્પીડ ૨૬૦૦ કિમી પ્રતિકલાક છે. આ ઉપરાંત Su-57માં ૧૨ હાર્ડપોઈન્ટ છે. તે વિવિધ ટૂંકા, મધ્યમ અને લાંબા અંતરની હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલો અને ગાઈડેડ એરિયલ બોમ્બ લઈ જઈ શકે છે.

Su-57માં ફીટ કરાયેલ R-37M મિસાઈલ રશિયાની અત્યાધુનિક ટેકનોલોજી ધરાવતું હથિયાર છે. રશિયાએ યુક્રેન યુદ્ધમાં આ મિસાઈલનો ઉપયોગ કર્યો હતો. Su-57ની સ્ટીલ્થ સિસ્ટમ સ્પીડ ઘટાડ્યા વિના અને મનુવરેબિલિટીને નુકસાન પહોંચાડ્યા વીને કામ કરે છે.

રશિયન ફાઈટર જેટ એક મલ્ટી-રોલ ફાઈટર જેટ છે. તે અનેક પ્રકારના ઓપરેશનને પાર પાડી શકે છે. Su-57ની કોમ્બેટ રેન્જ ૧૨૫૦ કિલોમીટર છે. તે મહત્તમ ૬૬ હજાર ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. સ્ટીલ્થ ફાઈટર જેટ જે-૫૭ સુપરસોનિક છે. આ ફાઈટર જેટની લંબાઈ ૬૫.૧૧ ફૂટ, વિંગસ્પેન ૪૬.૩ ફૂટ અને ઊંચાઈ ૧૫.૧ ફૂટ છે. સુપરસોનિક રેન્જ ૧૫૦૦ કિમી છે.

### હુમલાખોરે સ્ટોકહોમમાં ઘરમાં ઘૂસીને ગોળી મારી

## સ્વીડનમાં ઈસ્લામના વિરોધમાં કુરાન સળગાવનારા સલવાન મોમિકાની હત્યા

સ્વીડન, તા.૩૦

સ્વીડનમાં મસ્જિદની સામે કુરાન સળગાવનાર પ્રદર્શનકારી સલવાન મોમિકાની ગોળી મારીને હત્યા કરી દેવાઈ છે. સલવાને ૨૦૨૩માં કુરાનની પ્રત સળગાવી હતી, જે બાદ ઘણાં મુસ્લિમ દેશોએ તેની ટીકા કરી હતી. રિપોર્ટ અનુસાર હુમલાખોરે સ્ટોકહોમમાં મોમિકાના ઘરમાં ઘૂસીને તેને ગોળી મારી દીધી. હુમલાના સમયે તે ટિકટોક પર લાઈવ હતો.

ઈરાકના મૂળના ખ્રિસ્તી સલવાન મોમિકાને ઈસ્લામના વિરોધમાં કુરાન સળગાવવાના મામલે ગુરુવારે કોર્ટની સમક્ષ રજૂ થવાનું હતું પરંતુ તેના મોતના સમાચાર બાદ સ્ટોકહોમ કોર્ટે સુનાવણી સ્થગતિ કરી દીધી. સ્વીડનની કોર્ટમાં મોમિકા અને એક અન્ય શખ્સ સલવાન નજીમ પર એક વિશેષ ધર્મ વિરુદ્ધ નફરત ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. પ્રોસિક્યૂટર્સે કહ્યું કે બે લોકોએ સ્ટોકહોમની મસ્જિદની બહાર કુરાન સળગાવી અને મુસ્લિમ ધર્મ વિશે વાંધાજનક ટિપ્પણી કરી.



સલવાન મોમિકાએ કહ્યું હતું કે હું ઈસ્લામ વિરુદ્ધ પ્રદર્શન કરવા ઈચ્છતો હતો અને મે કુરાન સળગાવવાની પરવાનગી આપવાની માગ કરી હતી. તે બાદ સ્વીડન પોલીસે એક દિવસ માટે મને ઈસ્લામ વિરુદ્ધ પ્રદર્શન કરવાની મંજૂરી આપી હતી. ૨૦૨૩માં કુરાન સળગાવવાની મંજૂરી મળ્યા બાદ મોમિકાએ કહ્યું હતું કે અમે કુરાનની પ્રત સળગાવવા જઈ રહ્યાં છીએ. અમે કહેવા માગીએ છીએ કે સ્વીડન હજુ પણ સમય છે, જાગો. આ લોકતંત્ર છે. અમે મુસ્લિમો વિરુદ્ધ નથી પરંતુ અમે તેમના વિચારો અને માન્યતાઓ વિરુદ્ધ છીએ. મુસ્લિમ ધર્મની ખૂબ નકારાત્મક અસર પડી છે અને તેને વિશ્વભરમાં બેન કરવો જોઈએ.

### ૭ મહિલાઓ પણ સામેલ

## છત્તીસગઢના નારાયણપુરમાં ૨૯ નક્સલીઓએ કરેલું આત્મસમર્પણ

રાયપુર, તા.૩૦

છત્તીસગઢના નારાયણપુરમાં કુતુલ એરિયા કમિટીના ૨૯ નક્સલીઓએ નારાયણપુર એસપી સામે આત્મસમર્પણ કરી દીધું. આત્મસમર્પણ કરનાર નક્સલીઓમાં ૨૨ પુરુષ અને ૭ મહિલાઓ સામેલ છે.

નારાયણપુર જિલ્લાના પોલીસ અધિક્ષકે જણાવ્યું કે નક્સલીઓ દ્વારા સરેન્ડરનું સૌથી મોટું કારણ જિલ્લામાં ચલાવવામાં આવી રહેલા વિકાસ કાર્ય છે. આ વિસ્તારના નક્સલીઓને વિસ્તારમાં ઝડપથી બની રહેલા રસ્તા તથા ગામ સુધી પહોંચતી વિભિન્ન સુવિધાઓએ પ્રભાવિત કર્યા છે. જેના કારણે તેમનો નક્સલી સંગઠનના વિચારોથી મોહભંગ થઈ રહ્યો છે. આત્મસમર્પણ કરનાર તમામ માઓવાદીઓને ૨૫,૦૦૦ રૂપિયાનો ઈનામ ચેક આપવામાં આવ્યો અને આત્મસમર્પણ કરનાર નક્સલી પુનર્વાસ નીતિ હેઠળ ઉપલબ્ધ તમામ લાભ આપવામાં આવશે. ૨૦૨૪ બાદથી નારાયણપુરમાં વિભિન્ન રેંકોના ૭૧થી વધુ માઓવાદી કેડરોએ આત્મસમર્પણ કર્યું છે, ૬૦થી વધુ માઓવાદી માર્યા ગયા છે અને ૫૦ માઓવાદીઓની ધરપકડ કરવામાં આવી છે, જેનાથી માઓવાદી સંગઠન કમજોર થઈ ગયુ છે. અબૂઝમાડ વિસ્તારમાં વિકાસ, સુરક્ષા અને શાંતિનું સ્વપ્ન ઝડપથી સાકાર થશે.

એસપીએ એ વાત પર જોર આપ્યું કે ઘર, રોજગાર અને સુરક્ષા આપનાર સરકારની પુનર્વાસ નીતિએ આ વ્યક્તિઓને આત્મસમર્પણ માટે આકર્ષિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. તેમણે અન્ય માઓવાદીઓથી, જે હજુ પણ આંદોલનનો ભાગ છે. પોતાના વલણ પર પુનર્વિચાર કરવા અને મઢમાં પોતાના મૂળ તરફ પાછા ફરવાની અપીલ કરી, જ્યાં તે શાંતિથી રહી શકે છે અને પોતાના સમુદાયના કલ્યાણમાં યોગદાન આપી શકે છે.

### ભાગદોડ છતાં ૭ કરોડ લોકોએ સંગમમાં લગાવી ડૂબકી

## મૌની અમાવાસ્યા સ્નાને મહાકુંભના ઈતિહાસના બધા રેકોર્ડ તોડ્યા



પ્રયાગરાજ, તા.૩૦

મહાકુંભમાં મૌની અમાવસ્યા પર સંગમ સ્નાને અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ગઈકાલ રાતની નાસભાગ પછી પરિસ્થિતિ નિયંત્રણમાં છે. માહિતી અનુસાર, મૌની અમાવસ્યાના દિવસે રાતે ૮ વાગ્યા સુધી ૭.૬૪ કરોડ ભક્તોએ સંગમમાં ડૂબકી લગાવી હતી. એવો અંદાજ છે કે મૌની અમાવસ્યા પર ૮ થી ૧૦ કરોડ લોકો સંગમમાં સ્નાન કરશે.

મહાકુંભમાં મૌની અમાવસ્યાના અવસર પર રાતે ૮ વાગ્યા સુધીમાં સ્નાન કરનારાઓની કુલ સંખ્યા ૭.૬૪ કરોડ સુધી પહોંચી ગઈ છે. જો છેલ્લા ૧૬ દિવસના ૨૦ કરોડનો આંકડો આમાં ઉમેરવામાં આવે તો આ ડેટા ૨૬ કરોડ સુધી પહોંચી ગયો છે.

કુંભ મેળામાં ભાગદોડ છતાં, મૌની અમાવાસ્યાના દિવસે રાતે ૮ વાગ્યા સુધી સાત કરોડ લોકોના સ્નાને અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. કુંભ મેળાના ઈતિહાસમાં કોઈ એક દિવસે સ્નાન કરનારા ભક્તોની આ સૌથી મોટી સંખ્યા છે. અગાઉ મકરસંક્રાંતિ પર ૩.૫ કરોડ લોકોએ સંગમમાં સ્નાન કર્યું હતું અને મૌની અમાવસ્યાના એક દિવસ પહેલા ૨૮ જાન્યુઆરીએ ૫ કરોડ લોકોએ સ્નાન કર્યું હતું.

મૌની અમાવસ્યા પર મહાકુંભમાં સંગમમાં સ્નાન કરવાનો રેકોર્ડ પણ તૂટી ગયો છે. મંગળવારે રાત્રે મૌની અમાવસ્યાના સ્નાન પહેલા મહાકુંભમાં થયેલી ભાગદોડની ઘટના બાદ, પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે અને વહીવટીતંત્રે પહેલા કરતા વધુ કડકાઈ વધારી દીધી છે. મહા કુંભ મેળા વહીવટીતંત્ર પાસેથી મળેલા આંકડા મુજબ મૌની અમાવસ્યાના રોજ રાતે ૮ વાગ્યા સુધીમાં ૭.૬૪ કરોડ ભક્તોએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી હતી. મંગળવારે ૧૬મા દિવસ સુધી કુલ ૧૯.૯૪ કરોડ લોકોએ મહાકુંભ ૨૦૨૫ માં પવિત્ર સ્નાન કર્યું હતું.

### કપૂરથલામાં આવેલા સરકારી બંગલામાં ટીમ પહોંચી

## પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના ઘરે ચૂંટણી પંચના દરોડા

નવી દિલ્હી, તા.૩૦

દેશની રાજધાની દિલ્હીમાં રાજકીય માહોલ ગરમાયેલો છે. રાજકીય પાર્ટીઓના નેતાઓ પોતાના એજન્ડાને વોટર્સ સુધી પહોંચાડવામાં લાગી ગયા છે. તો વળી નેતાઓ વચ્ચે વાક?યુદ્ધ ચરમ પર છે. આરોપ-પ્રત્યારોપ થઈ રહ્યા છે. આ દરમ્યાન સત્તાધારી પાર્ટી આમ આદમી પાર્ટીના દાવાએ સનસની ફેલાવી દીધી છે. આપે દાવો કર્યો છે કે, ચૂંટણી પંચની ટીમે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના દિલ્હીમાં આવેલા સરકારી આવાસ પર દરોડા પાડ્યા છે. આપને જણાવી દઈએ કે, સીએમ ભગવંત માન હાલમાં ઉમેદવારો માટે દિલ્હીમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, આમ આદમી પાર્ટી તરફથી પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને લઈને મોટો દાવો કરવામાં આવ્યો છે. દાવા અનુસાર, પંજાબ સીએમ માનના દિલ્હીમાં આવેલા સરકારી આવાસમાં ચૂંટણી પંચે રેડ પાડી છે. આપે દાવામાં



આગળ કહ્યું કે, ચૂંટણી પંચની ટીમ સીએમ માનના કપૂરથલા હાઉસની તલાશી લીધી. આપને જણાવી દઈએ કે, ભગવંત માન દિલ્હીમાં સતત ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. તેઓ આમ આદમી પાર્ટીના ઉમેદવાર માટે વોટ માગી રહ્યા છે. સાતે જ પાર્ટીના એજન્ડાના જનતા સુધી પહોંચાડી રહ્યા છે. અહીં ઉલ્લેખનિય છે કે સીએમ માન દિલ્હીમાં કપૂરથલા હાઉસમાં રોકાય છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને દિલ્હીમાં આવેલા સરકારી આવાસ પર એમ જ દરોડા નથી પાડ્યા. સૂત્રોની વાત માનીએ તો, ચૂંટણી પંચને ગંભીર ફરિયાદ મળી હતી. આયોગને સી વિઝન એપ દ્વારા ફરિયાદ મળી હતી. જે અનુસાર ત્યાં રોકડ રુપિયા વહેંચવામાં આવતા હોવાનો આરોપ હતો. ફરિયાદના આધાર પર FST (Flying Squad Team) રેડ પાડવા કપૂરથલા હાઉસ પહોંચ્યા. હાલ આ મામલે તપાસ ચાલી રહી છે. આપને જણાવી દઈએ કે, FST રિટર્નિંગ ઓફિસરની અંદર કામ કરે છે.

## નિવૃત્તિ પછી પણ ન્યાયાધીશો નિર્ણય આપી શકશે, સુપ્રીમે એડહોક પર રાખવાની આપી મંજૂરી

નવીદિલ્હી,તા.૩૦

દેશભરની હાઈકોર્ટમાં પેન્ડિંગ ફોજદારી કેસોના નિરાકરણ માટે સુપ્રીમ કોર્ટે મહત્ત્વનું પગલું ભર્યું છે. આ જોતાં હવે તમામ હાઈકોર્ટને નિવૃત્ત જજોની એડ-હોક (અસ્થાયી) જજ તરીકે નિમણૂકની ભલામણ કરવાનો અધિકાર મળી ગયો છે.

અગાઉ એપ્રિલ ૨૦૨૧માં, સુપ્રીમ કોર્ટે એક આદેશમાં કહ્યું હતું કે એડ-હોક ન્યાયાધીશોની નિમણૂક ફક્ત તે જ હાઈકોર્ટમાં થઈ શકે છે જ્યાં ખાલી જગ્યાઓની સંખ્યા ૨૦% કરતા ઓછી છે. પરંતુ હવે ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાના નેતૃત્વ હેઠળની ત્રણ જજોની બેન્ચે આ શરતને હટાવી દીધી છે અને તે આદેશની અસરને અસ્થાયી રૂપે મુલતવી રાખી છે. આ વિશેષ પહેલથી હાઈકોર્ટમાં પેન્ડિંગ ફોજદારી કેસોની સંખ્યામાં ઘટાડો થઈ શકે છે. બાર એન્ડ બેંચના અહેવાલ મુજબ, ૨૦૨૧માં, સુપ્રીમ કોર્ટે લોક પ્રહરી વિ. ભારત સરકાર કેસમાં પોતાનો ચુકાદો આપતાં પ્રથમ વખત હાઈકોર્ટમાં એડ-હોક જજોની નિમણૂકને મંજૂરી આપી હતી. જો કે, કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે આ નિયમિત પ્રક્રિયા ન હોવી જોઈએ અને નિયમિત નિમણૂંકો એડ-હોક ન્યાયાધીશો દ્વારા બદલી શકાય નહીં. તત્કાલીન નિર્ણયમાં કેટલીક શરતો નક્કી કરવામાં આવી હતી, જે અંતર્ગત હાઈકોર્ટમાં ૨૦% થી વધુ જગ્યાઓ ખાલી હોય તો જ એડહોક જજની નિમણૂક કરી શકાય છે. પરંતુ હવે સર્વોચ્ચ અદાલતે ૨૦% ખાલી જગ્યાની શરત દૂર કરી છે, ઉચ્ચ અદાલતોને વધુ રાહત આપી છે અને તેઓ ગુનાના કેસોના નિકાલ માટે અસ્થાયી રૂપે વધુ નિવૃત્ત ન્યાયાધીશોની નિમણૂક કરી શકે છે.

CMYK

# બજેટમાં પેટ્રોલના ભાવ, ઈન્કમ ટેક્સમાં રાહત મળવાની શક્યતા



નવી દિલ્હી, તા.૩૦

દેશના નાણા મંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરી શનિવારે કેન્દ્રીય બજેટ ૨૦૨૫ રજૂ કરવાના છે. જેમાં વિવિધ ઉદ્યોગ સંગઠનો દ્વારા મધ્યમવર્ગને અનુલક્ષી ઈન્કમ ટેક્સમાં સુધારો, એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો તેમજ સરકારી લાભોમાં વધારો કરે તેવી ભલામણો કરવામાં આવી છે. જો કે, બીજી તરફ સામાન્ય પ્રજા બજેટમાં કોઈ ખાસ ફેરફાર ન થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. આવો જાણીએ નિર્મલા સીતારમણ બજેટમાં કેવા સુધારા કરી શકે છે?

કેન્દ્ર સરકાર નવી ટેક્સ રિજિમને પ્રોત્સાહન આપવા અનેક સુધારાઓ કરી શકે છે. હાલ ઘણા કરદાતાઓ જૂની ટેક્સ રિજિમને પ્રાધાન્ય આપી રહ્યા છે. જેને ધ્યાનમાં રાખતાં સરકાર નવી ટેક્સ રિજિમ હેઠળ ઘણા લાભો સમાવિષ્ટ કરી શકે છે. તદુપરાંત નવો ૨૫ ટકાનો બ્રેકેટ રજૂ કરી શકે છે. હાલ ૩થી ૭ લાખની આવક પર ૫ ટકા, ૭થી ૧૦ લાખની આવક પર ૧૦ ટકા, ૧૦થી ૧૨ લાખની આવક પર ૧૫ ટકા, ૧૨થી ૧૫ લાખની આવક પર ૨૦ ટકા અને ૧૫ લાખથી વધુની આવક પર ૩૦ ટકા ટેક્સ વસૂલે છે. જેમાં તે ૧૫થી ૨૦ લાખની આવક પર ૨૫ ટકાનો નવો ટેક્સ સ્લેબ લાગુ કરી શકે છે. ચાલુ નાણાકીય વર્ષમાં મોંઘવારીએ સામાન્ય લોકોને હેરાન કર્યા છે. તેમાં ક્રૂડના ભાવો વૈશ્વિક સ્તરે ઘટ્યા હોવા છતાં, રૂપિયો નબળો પડતાં ઓએમસીએ પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘટાડાનો લાભ આપ્યો નથી. જેને ધ્યાનમાં રાખી સરકાર ફોસિલ ફ્યુલમાં લાગતી એક્સાઈઝ ડ્યૂટી ઘટાડી શકે છે. હાલ પેટ્રોલ પર ૨૧ ટકા અને ડિઝલ પર ૧૮ ટકાના દરે ડ્યૂટી વસૂલાય છે. ગત બજેટમાં સરકારે સોના પર આયાત ડ્યૂટી ૧૫ ટકાથી ઘટાડી ૬ ટકા કરી હતી. જેના પગલે સોનાની આયાત ૨૦૨૪માં ૧૦૪ ટકા વધી ૧૦.૦૬ અબજ ડોલર થતાં આ વર્ષે બજેટમાં સરકાર સોનાની આયાત ડ્યૂટીમાં ફરી વધારો કરી શકે છે.

આ બજેટમાં સીતારમણ સરકારી સહાય યોજનાઓમાં વધારો કરી શકે છે. જેમાં સંસદની સ્થાયી સમિતિએ કિસાન સન્માન નિધિ વધારી રૂ. ૧૨ હજાર કરવા ભલામણ કરી હતી. હાલ રૂ. ૬૦૦૦ છે. વધુમાં આયુષ્માન ભારત યોજનામાં વધુ સુવિધાઓ આપતા બજેટ ફાળવણી વધારવામાં આવી શકે છે.

# એક ફેબ્રુ.થી અમુક UPI આઈડી પર ટ્રાન્ઝેક્શન કરી શકશે નહીં

નવી દિલ્હી, તા.૩૦

યુપીઆઈ યુઝર્સ એક ફેબ્રુઆરીથી અમુક આઈડી પર ટ્રાન્ઝેક્શન કરી શકશે નહીં. NPCIએ નોટિફિકેશન જાહેર કરી બેન્કો અને નાણાકીય સંસ્થાઓને એક ફેબ્રુઆરીથી સ્પેશિયલ કેરેક્ટર્સ ધરાવતા આઈડી પરથી ન સ્વીકારવા નિર્દેશ કર્યો છે. યુઝર્સ હવે માત્ર આલ્ફાન્યૂમેરિક કેરેક્ટર્સ ધરાવતા આઈડીથી જ નાણાકીય લેવડ-દેવડ કરી શકશે.

ડિજિટલ પેમેન્ટમાં ૮૦ ટકા લોકો યુપીઆઈ મારફત પેમેન્ટ કરી રહ્યા છે. શાકભાજીની લારીથી માંડી મોટા-મોટા ટ્રાન્ઝેક્શનમાં પણ યુપીઆઈનો વપરાશ થઈ રહ્યો છે. એવામાં સાયબર ક્રાઈમના વધતા વ્યાપને ધ્યાનમાં રાખતાં NPCIએ આ આદેશ જાહેર કર્યો છે.

NPCIએ યુપીઆઈ ઓપરેટર્સનને ટ્રાન્ઝેક્શન આઈડી માટે આલ્ફાન્યૂમેરિક કેરેક્ટરનો ઉપયોગ કરવા નિર્દેશ આપ્યો હતો. ૧ ફેબ્રુઆરીથી આ નિર્દેશનું પાલન ન કરનારાના યુપીઆઈ ટ્રાન્ઝેક્શન બ્લોક કરવામાં આવશે. સેન્ટ્રલ સિસ્ટમ સ્પેશિયલ કેરેટક્ટર ધરાવતા આઈડી પરથી ટ્રાન્ઝેક્શન કરવા મંજૂરી આપશે નહીં. નેશનલ પેમેન્ટ્સ ઈન્ટરફેસ ઓફ ઈન્ડાયએ અગાઉ જ યુપીઆઈ આઈડી માટે સ્પેશિયલ કેરેક્ટરના સ્થાને આલ્ફાન્યૂમેરિક કેરેક્ટર્સનો ઉપયોગ કરવા સલાહ આપી હતી. આ મુદ્દે બેક્નોને પણ નિર્દેશ આપવામાં આવ્યો છે કે, તેઓ માત્ર આલ્ફાન્યૂમેરિક કેરેક્ટર્સ ધરાવતા યુપીઆઈ આઈડી મારફત જ નાણાકીય લેવડ-દેવડ સ્વીકારે.

### સેન્સેક્સમાં ૨૨૬ પોઈન્ટનો ઉછાળો

# ભારે ઉતાર-ચઢાવ બાદ શેરબજાર ગ્રીન ઝોનમાં બંધ

મુંબઈ, તા.૩૦

ગુરુવારે ભારતીય શેરબજારમાં ભારે અસ્થિરતા જોવા મળી. શેરબજાર સામાન્ય વધારા સાથે લીલા નિશાનમાં ખુલ્યું અને આજે ઘણી વખત તેનો રંગ બદલાતો જોવા મળ્યો અને અંતે વધારા સાથે લીલા નિશાનમાં બંધ થયો. ગુરુવારે, BSE સેન્સેક્સ ૨૨૬.૮૫ પોઈન્ટ (૦.૩૦%) વધીને ૭૬,૭૫૯.૮૧ પર બંધ થયો. જ્યારે દ્નજીઈનો નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૮૬.૪૦ પોઈન્ટ (૦.૩૭%) ના વધારા સાથે ૨૩,૨૪૯.૫૦ પોઈન્ટ પર બંધ થયો.

ગુરુવારે, સેન્સેક્સની ૩૦ માંથી ૧૮ કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં બંધ થયા હતા, જ્યારે બાકીની ૧૨ કંપનીઓના શેર ઘટાડા સાથે લાલ રંગમાં બંધ થયા હતા. એ જ રીતે, નિફ્ટી ૫૦ માં, ૫૦ માંથી ૩૫ કંપનીઓના શેર ગ્રીન ઝોનમાં વધારા સાથે બંધ થયા હતા જ્યારે બાકીની ૧૫ કંપનીઓના શેર રેડ ઝોનમાં નુકસાન સાથે બંધ થયા હતા. આજે, સેન્સેક્સ કંપનીઓમાં, ભારતી એરટેલના શેર સૌથી વધુ ૨.૭૮ ટકાના વધારા સાથે બંધ થયા, જ્યારે ટાટા મોટર્સના શેર સૌથી વધુ ૭.૩૭ ટકાના ઘટાડા સાથે બંધ થયા, જે રૂ. ૭૦૦ની નીચે બંધ થયા.

આજે સેન્સેક્સમાં લિસ્ટેડ બાકીની કંપનીઓમાં, પાવર ગ્રીડના શેર ૨.૫૯%, બજાજ ફાઈનાન્સ ૨.૩૬%, નેસ્લે ઈન્ડિયા ૨.૧૫%, હિન્દુસ્તાન યુનિલિવર ૧.૬૩%, એશિયન પેઈન્ટ્સ ૧.૫૭%, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૧.૫૩%, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૧.૪૪% વધ્યા, ઈન્ડસઈન્ડ બેંક ૧.૨૨%, એચડીએફસી બેંક ૦.૮૯ ટકા, આઈટીસી ૦.૭૪ ટકા, એનટીપીસી ૦.૫૯ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૦.૫૩ ટકા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ૦.૪૬ ટકા, ટાટા સ્ટીલ ૦.૨૭ ટકા, એક્સિસ બેંક ૦.૨૫ ટકા, મારુતિ સુઝુકી ૦.૨૦ ટકા અને ્ઝજી ના શેર ૦.૦૪ ટકાના વધારા સાથે બંધ થયા. ગઈકાલે ૫ ટકાના ઘટાડા સાથે બંધ થયા પછી, આજે ફરી એકવાર ITC હોટેલ્સના શેર ૪.૯૮ ટકાના ઘટાડા સાથે બંધ થયા.

આ ઉપરાંત, બજાજ ફિનસર્વ ૨.૧૨ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૮૬ ટકા, ટેક મહિન્દ્રા ૧.૭૯ ટકા, ઝોમેટો ૧.૬૬ ટકા, કોટક મહિન્દ્રા બેંક ૧.૦૧ ટકા, લાર્સન એન્ડ ટુબ્રો ૦.૮૫ ટકા, ઈન્ફોસિસ ૦.૫૮ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૨૦ ટકા, ટાઈટન ૦.૧૪ ટકા અને સન ફાર્મા ૦.૧૪ ટકા વધ્યા. શેર ૦.૦૫ ટકાના ઘટાડા સાથે બંધ થયો.

### કેજરીવાલે ચૂંટણી કમિશનર પર નિશાન સાધ્યું

# રાજનીતિ જ કરવી હોય તો લડી લો ચૂંટણીઃ કેજરીવાલ

નવી દિલ્હી, તા.૩૦

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુરુવારે (૩૦મી જાન્યુઆરી) ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, ચૂંટણી પંચ રાજનીતિ કરી રહ્યું છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર નિવૃત્તિ પછી નોકરી શોધી રહ્યા છે, તેથી તેઓ રાજનીતિ કરી રહ્યા છે. એક પ્રેસ કોન્ફરન્સમાં પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, જો મુખ્ય ચૂંટણી કમિશનર રાજનીતિ કરવા માંગતા હોય તો તેમણે દિલ્હીની કોઈપણ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડવી જોઈએ. મને નથી લાગતું કે ચૂંટણી પંચ ક્યારેય આટલું બર્બાદ થયું હશે. મને ખબર છે કે તે મને બે દિવસમાં જેલમાં ધકેલી દેશે. મને ડર નથી. દેશે આવી ચૂંટણીઓ પહેલાં ક્યારેય જોઈ નથી.ચૂંટણી પંચે આ મુદ્દે કેજરીવાલને ૫ પ્રશ્નો પૂછ્યા

દિલ્હી ચૂંટણી પહેલા યમુનામાં ઝેર અંગેના નિવેદનને કારણે અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. ચૂંટણી પંચે આ મુદ્દે AAP વડા કેજરીવાલને ૫ પ્રશ્નો પૂછ્યા છે અને તેમને આવતીકાલે સવારે ૧૧ વાગ્યા સુધીમાં તેના જવાબ આપવા કહ્યું છે.

૧. હરિયાણા સરકાર દ્વારા યમુના નદીમાં કયા પ્રકારનું ઝેર ભેળવવામાં આવ્યું હતું?

૨. ઝેરની માત્રા, પ્રકૃતિ અને શોધની પદ્ધતિ વિશે પુરાવા આપો જેથી ખ્યાલ આવે કે નરસંહાર થઈ શકતો હતો

૩. ઝેર કઈ જગ્યાએ મળ્યું?

૪. દિલ્હી જલ બોર્ડના એન્જિનિયરોએ આ શોધ ક્યાં અને કેવી રીતે કરી? ૫. પાણીને દિલ્હીમાં પ્રવેશતું અટકાવવા એન્જિનિયરોએ કઈ પદ્ધતિનો ઉપયોગ કર્યો?

ઉલ્લેખનીય છે કે, ૨૭મી જાન્યુઆરીએ એક ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે, દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે હરિયાણા દ્વારા દિલ્હીને આપવામાં આવતા પાણીની ગુણવત્તા નબળી હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. કેજરીવાલે કહ્યું હતું કે, લોકોને પાણીથી વંચિત રાખવાથી મોટું કોઈ પાપ નથી. ભાજપ પોતાના ગંદા રાજકારણથી દિલ્હીના લોકોને તરસ્યા રાખવા માંગે છે. તેઓ હરિયાણાથી મોકલવામાં આવી રહેલા પાણીમાં ઝેર ભેળવી રહ્યા છે.

# સ્વાતિ માલિવાલે દિલ્હીમાંથી કચરો ભેગો કરી કેજરીવાલના ઘર બહાર ઠાલવ્યો



નવી દિલ્હી, તા.૩૦

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ બુધવારે (૩૦મી જાન્યુઆરી) વિકાસપુરીથી ૩ વાહનોમાં કચરો ભરીને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાનની બહાર ઠાલવ્યો હતો. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, દિલ્હી સરકાર રાજધાનીમાં સ્વચ્છતા પૂરી પાડવામાં નિષ્ફળ ગઈ છે, તેથી હવે તે અરવિંદ કેજરીવાલના ઘરની બહાર કચરો ઠાલવ્યો. જોકે, પોલીસે સ્વાતિ માલીવાલને અટકાયત કરી હતી.

સ્વાતિ માલીવાલે જણાવ્યું હતું કે, આખું શહેર કચરાના ઢગલા જેવું બની ગયું છે, હું અહીં અરવિંદ કેજરીવાલ સાથે વાત કરવા આવી છું. હું તેમને કહીશ કે પોતાને સુધારે, નહીં તો જનતા તેમને સુધારશે. મને તેમના ગુંડાઓથી કે તેમની પોલીસથી ડર નથી. આપના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરી લખ્યું કે, હું કચરાથી ભરેલા ૩ ટ્રક સાથે કેજરીવાલના ઘરે પહોંચીશ. કેજરીવાલજી ડરશો નહીં, જનતાની સામે આવો અને જુઓ કે તમે દિલ્હીમાં કેવી સ્થિતિ બનાવી છે. સ્વાતિ માલીવાલે જણાવ્યું હતુ કે, આ વિરોધ કોઈ પક્ષ વિરુદ્ધ નથી. આજે દિલ્હીની હાલત ખૂબ જ ખરાબ છે. દિલ્હીનો દરેક ખૂણો ગંદો છે, રસ્તાઓ તૂટેલા છે અને ગટરો છલકાઈ ગઈ છે. વિકાસપુરીની મહિલાઓએ ફરિયાદ કરી હતી કે રસ્તા પર કચરાના ઢગલા છે અને ધારાસભ્યને ફરિયાદ કરવા છતાં, કોઈ તેને સાફ કરવા માટે કોઈ પગલાં લઈ રહ્યું નથી. હું અહીં મહિલાઓ દ્વારા આયોજિત સ્વચ્છતા અભિયાનમાં ભાગ લેવા આવ્યો છું. અમે આ કચરો અરવિંદ કેજરીવાલના ઘરે લઈ જઈશું અને તેમને પૂછીશું કે તેમણે દિલ્હીના દરેક વિસ્તારને આપેલી ગંદી ભેટનું શું કરવું જોઈએ? તેમણે કહ્યું કે કેજરીવાલ હવે સામાન્ય માણસ નથી રહ્યા, તેમને દિલ્હીની વાસ્તવિકતાનો કોઈ ખ્યાલ નથી.

### અનેક ટેન્ટ બળીને ખાક, કોઈ જાનહાનિ નહીં

# મહાકુંભમાં નાસભાગ બાદ હવે ભીષણ આગ લાગી



પ્રયાગરાજ, તા.૩૦

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજથી મોટા સમાચાર સામે આવ્યા છે. મૌની અમાવસ્યાના દિવસે પ્રયાગરાજ મહાકુંભ મેળામાં બુધવારે (૨૯ જાન્યુઆરી) થયેલી નાસભાગ બાદ આજે (૩૦ જાન્યુઆરી) મેળાની બહાર બનેલા ટેન્ટ સિટીમાં ભીષણ આગ લાગી હતી. ઝુંસી છતનાગ ઘાટના નાગેશ્વર ઘાટ સેક્ટર ૨૨ પાસે આગ લાગી હતી. આ ભીષણ આગમાં અનેક ટેન્ટ બળીને ખાક થઈ ગયા. માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ટીમ આગ પર કાબૂ મેળવવા માટે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે મહામહેનતે આગ પર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

ઝૂસીના છતનાગ ઘાટ અને નાગેશ્વર ઘાટ વચ્ચે મહાકુંભમાં સેક્ટર ૨૨ ક્ષેત્ર સ્થિત છે, જ્યાં આ ઘટના બની હતી. સદનસીબે જ્યાં આગ લાગી ત્યાં કોઈ રહેતું ન હતું. કોઈ શ્રદ્ધાળુ ટેન્ટમાં અંદર ન હતા. જો કે, આગમાં અનેક ટેન્ટ બળીને ખાક થઈ ગયા, પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી. ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે.

ચીફ ફાયર ઓફિસર પ્રમોદ કુમાર શર્માએ જણાવ્યું કે, સેક્ટર ૨૨માં આગ લાગવાની માહિતી મળી હતી. ઘટના સ્થળ પર અનેક ફાયર વિભાગની ગાડીઓ પહોંચી અને આગ પર કાબૂ મેળવ્યો. માનવામાં આવી રહ્યું છે કે, શોર્ટ સર્કિટથી આગ લાગી છે.

### વર્તમાન સરકારે સત્તા છોડી દેવી જોઈએ

# મહાકુંભમાં થયેલ નાસભાગ બાદ ભડક્યા શંકરાચાર્ય

પ્રયાગરાજ, તા.૩૦

ઉત્તર પ્રદેશમાં પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી નાસભાગ બાદ રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર ચારે બાજુથી ટીકાનો સામનો કરી રહી છે. રાજકીય પક્ષો બાદ હવે સંતો-મહંતો તરફથી પણ પ્રતિક્રિયાઓ આવી રહી છે. એવામાં શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીનું પણ નિવેદન સામે આવ્યું છે. તેમને આ અંગે કહ્યું કે, વર્તમાન સરકારને હવે સત્તામાં રહેવાનો નૈતિક અધિકાર નથી.

શંકરાચાર્યએ પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી ભાગદોડ પર મોટું નિવેદન આપતા કહ્યું કે, નાસભાગની ઘટનાએ સરકારની વ્યવસ્થાને ખુલ્લી પાડી દીધી છે. અધિકારીઓ પહેલાથી જ મહાકુંભમાં ૪૦ કરોડ અને મૌની અમાવસ્યા પર ૧૦ કરોડ ભક્તોના આગમનનો દાવો કરી રહ્યા હતા. તે મુજબ, તેઓએ વ્યાપક તૈયારીઓ કરવી જોઈતી હતી.

શંકરાચાર્યએ આ ઘટના અંગે વધુમાં કહ્યું કે, આ ઘટના દર્શાવે છે કે તૈયારીઓ પૂર્ણ ન હતી અને લોકોના જીવ સાથે રમત રમાઈ હતી. જો અમારા ઘરે એક કાર્યક્રમમાં ૧૦૦૦ લોકો માટે જોગવાઈ છે, તો આપણે ત્યાં ૫૦૦૦ લોકોને આમંત્રણ ન આપવું જોઈએ. મહાકુંભમાં આવું જ બન્યું.

શંકરાચાર્યએ મહાકુંભમાં વ્યવસ્થાને લઈને કહ્યું કે, સારી વ્યવસ્થાની જાણકારી મળ્યા બાદ ભક્તો અહીં આવ્યા પરંતુ ગ્રાઉન્ડ ઝીરો પર તેમના માટે કોઈ નક્કર વ્યવસ્થા નહોતી.

શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીનું કહેવું છે કે, સીએમ યોગી સહિત તમામ સરકારી સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ઘટના વિશે સાચી માહિતી આપવાને બદલે લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં તેમના જેવા ધર્મગુરુને પણ આ ઘટનાની જાણ નહોતી. જો ઘટનાની માહિતી યોગ્ય સમયે મળી હોત, તો લોકોએ પરંપરાઓનું પાલન કર્યું હોત.

શંકરાચાર્યએ વર્તમાન સરકારની વ્યવસ્થાની ટીકા કરતા કહ્યું કે, આ વર્તમાન સરકારની મોટી નિષ્ફળતા છે.

### મહાકુંભને લઈ યોગી સરકારનો નિર્ણય

# તમામ VIP પાસ રદ કર્યા, મેળામાં નહીં જઈ શકે ગાડીઓ

પ્રયાગરાજ, તા. ૩૦

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં બુધવારે થયેલી ભાગદોડ બાદ હવે યોગી સરકારે મોટો નિર્ણય લીધો છે. મૌની અમાવસ્યાના દિવસે થયેલી ભાગદોડમાં ૩૦ શ્રદ્ધાળુઓના મૃત્યુ થયા છે અને ૯૦થી વધારે લોકો ઘાયલ થયા છે. આ દુર્ઘટના બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ન્યાયિક સમિતિથી તપાસ કરાવાના આદેશ આપ્યા છે. સાથે જ પોલીસ ઈક્વાયરી પણ શરુ કરી દીધી છે. દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારને ૨૫-૨૫ લાખનું વળતર આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથએ દુર્ઘટના બાદ સ્થિતિને કાબૂમાં કરવા માટે તરત એક્શન લીધી છે. તેમણે મેળા ક્ષેત્રમાં આવતી જતી ગાડીઓ પર પ્રતિબંધ લગાવવા અને વીઆઈપી પાસ કરવાના નિર્દેશ આપ્યા છે. ૪ ફેબ્રુઆરી સુધી શ્રદ્ધાળુઓ ચાલતા જ સંગમ સુધી જવાની પરવાનગી આપી છે. પ્રયાગરાજ શહેરમાં પણ ફોર વ્હીલર્સ ગાડીની એન્ટ્રી પર રોક લગાવી દીધી છે. શહેરમાં ફક્ત બાઈક, એમ્બ્યુલન્સ અને ફાયરની ગાડીઓને જવાની પણ મંજૂરી હશે. સાથે જ મેળા ક્ષેત્રને નો વ્હીકલ ઝોન ઘોષિત કરી દીધો છે.છ સીએમ યોગી આદિત્યનાથે આ દુર્ઘટનાના કારણોની તપાસ કરવા માટે નિર્દેશ આપી દીધા છે. પ્રારંભિક રિપોર્ટ અનુસાર, મૌની અમાવસ્યાના દિવસે અમૃત સ્નાનના કારણે પાંટૂન બ્રિજ બંધ કરી દીધા હતા. જેનાથી ભારે ભીડ સંગમ પર એકઠી થઈ ગઈ હતી. આ ઉપરાંત એન્ટ્રી અને એક્ઝિક રસ્તો એક જ હોવાના કારણે ભાગદોડ જેવી સ્થિતિ ઊભી થઈ ગઈ. પ્રશાસનહવે આ સમાસ્યાના સમાધાન માટે ઠોસ કદમ ઉઠાવી રહી છે અને મેળા ક્ષેત્રમાં વ્યવસ્થા બદલી રહી છે.

મૌની અમાવસ્યાની દુર્ઘટનામાંથી સબક લેતા સરકારે મેળા ક્ષેત્રની અંદરનો રસ્તો વન વે કરી દીધો છે. હવે શ્રદ્ધાળુઓને સ્નાન બાદ બીજા રસ્તેથી પાછા મોકલવામાં આવશે. આ ઉપરાંત પ્રયાગરાજમાં આવતા ૮ મુખ્ય બોર્ડરને બંધ કરી દીધી છે. જેનાથી ભીડ કાબૂ કરવામાં મદદ મળશે. આ એક્શન દ્વારા પ્રશાસન એ ખાતરી કરવા માગે છે કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ન થાય.


## જાહેર નોટીસ

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ગીરગઢડા

અરજી નં.૫૮/૨૦૨૪

જન્મ તારીખ : ૩૧-ઓકટો.૦૭

શ્રી જાદવભાઈ ગોવિંદભાઈ વાજા,
રહે.આંકોલાલી, ગામ-આંકોલાલી, તાલુકો-ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ ....અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ....સામાવાળા
ગ્રામ પંચાયત કચેરી, આંકોલાલી, તા.ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ

**બાબત : જનમ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જાદવભાઈ ગોવિંદભાઈ વાજા, રહે.આંકોલાલી, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પુત્ર કલ્પેશ જાદવભાઈ વાજાનો જન્મ તારીખ.૩૧-ઓકટો.૦૭ ના રોજ ગીરગઢડા તાલુકાના આંકોલાલી મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફ્તે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૮/૦૧/૨૦૨૫ ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
જી.કે.વાળા)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા


### વિમાનમાં ૬૪ મુસાફરો હતા સવાર

# અમેરિકામાં મુસાફર પ્લેન સૈન્યના હેલિકોપ્ટર સાથે ટકરાતા ૧૯ના મોત

વોશિંગ્ટન, તા.૩૦

વોશિંગ્ટન ડીસી નજીક રીગન વોશિંગ્ટન નેશનલ એરપોર્ટ (DCA) નજીક એક ભયંકર વિમાન દુર્ઘટના બની છે. PSA એરલાઈન્સનું એક પેસેન્જર વિમાન હવામાં જ આર્મી હેલિકોપ્ટર સાથે અથડાયું અને નદીમાં પડી ગયું હતું. એરલાઈન્સના સૂત્રોના જણાવ્યા અનુસાર, વિમાનમાં ૬૦ મુસાફરો સવાર હતા. આ પ્લેન દુર્ઘટમાં ૧૯ લોકોના મોત થયા છે. પીએસએ એરલાઈન્સ અમેરિકન એરલાઈન્સની પેટાકંપની છે. જે વિમાન અકસ્માતનો ભોગ બન્યું તેમાં ૬૫ મુસાફરોની બેઠક ક્ષમતા હતી.અકસ્માત બાદ વોશિંગ્ટન ડીસી એરપોર્ટ પર તમામ ટેકઓફ અને લેન્ડિંગ બંધ કરી દેવામાં આવ્યા છે. આ જ મુદ્દા પર યુએસ સેનેટર ટેડ ક્રુઝે ટ્વિટ કર્યું કે અકસ્માતમાં ઘણા લોકો મૃત્યુ પામ્યા છે. જોકે, મૃત્યુઆંકની ચોક્કસ સંખ્યા હજુ સુધી પુષ્ટી થઈ નથી.

અમેરિકન એરલાઈન્સે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે અમે આ બાબતથી વાકેફ છીએ, જેમાં માહિતી સામે આવી છે કે PSA દ્વારા સંચાલિત અમેરિકન ઈગલ ફ્લાઈટ ૫૩૪૨ ક્રેશ થઈ ગઈ છે. આ વિશે વધુ માહિતી બાદમાં આપવામાં આવશે.

ઘટના બાદ રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. આ સમય દરમિયાન નદીમાં પડી ગયેલા વિમાનના કાટમાળની શોધ કરવામાં આવી રહી છે. જોકે, અકસ્માતનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. ઘટના પાછળનું મુખ્ય કારણ જાણવા માટે વિમાન અને હેલિકોપ્ટરના બ્લેક બોક્સની તપાસ કરવામાં આવશે.

# છત્તીસગઢમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે મોટી કાર્યવાહીઃ ૨૦૫૬ લોકોને તપાસ માટે બોલાવાયા

રાયપુર,તા.૩૦

છત્તીસગઢની રાજધાની રાયપુરમાં, પોલીસે અન્ય રાજ્યોમાંથી આવેલા ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને ઓળખવા માટે એક વિશાળ ચકાસણી અભિયાન શરૂ કર્યું છે. સિટી એએસપી લખન પાટલેની હાજરીમાં શરૂ કરાયેલા આ અભિયાન હેઠળ, ૨૦૫૬ લોકોને એક જગ્યાએ લાવવામાં આવ્યા હતા. આ પછી તેમના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી. રેકી અને સર્વેના આધારે ૨૦૫૬ લોકોની યાદી તૈયાર કરવામાં આવી છે. આ લોકોના દસ્તાવેજ ચકાસણી પછી, અન્ય લોકોને પણ તપાસ માટે બોલાવી શકાય છે.રાયપુર શહેરના એએસપી લખન પટેલે જણાવ્યું હતું કે, "અમને ઘણા પોલીસ સ્ટેશનોમાંથી માહિતી મળી રહી હતી કે અન્ય રાજ્યોના લોકો અહીં રહે છે અને કામ કરે છે. પોલીસ પાસે આ બધા લોકો વિશે માહિતી નહોતી, ન તો તેમના મકાનમાલિકો વિશે. પોલીસને તેમની ઓળખ જાહેર કરવામાં આવી હતી." . અમારા કર્મચારીઓ દ્વારા એક રેકી અને સર્વે હાથ ધરવામાં આવ્યો હતો, ત્યારબાદ બધા શંકાસ્પદોને ચકાસણી માટે અહીં લાવવામાં આવ્યા હતા. તેમના આધાર ચકાસણી કરવામાં આવી રહી છે અને અમે તેમને એક ફોર્મ ભરવા માટે પણ કહી રહ્યા છીએ જેથી તેઓ ક્યાંથી આવ્યા છે તે જાણી શકાય. યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. શંકાસ્પદ જણાનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. આનાથી શહેરમાં ગુનાખોરી પર કાબુ મળશે. જો અમને આ પ્રક્રિયામાં કોઈ નકલી આધાર કાર્ડ મળશે, તો તપાસ કરવામાં આવશે અને જો તે વ્યક્તિ અન્ય રાષ્ટ્રીયતાનો હોવાનું જણાશે, તો યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. લગભગ ૨૦૫૬ લોકોને અહીં લાવવામાં આવ્યા છે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે સોમવારે (૨૭ જાન્યુઆરી) કહ્યું કે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ દેશની સુરક્ષા માટે ખતરો છે. રાજ્યસભા ઈન્ટર્નશિપ કાર્યક્રમના સહભાગીઓના જૂથને સંબોધતા, ધનખડે કહ્યું કે આવા લોકો ભારતના લોકશાહી માટે ખતરો છે કારણ કે તેઓ "આપણી ચૂંટણી પ્રણાલીને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે."

# મોરબીના બેલા નજીક કારખાનામાંથી ચોરી કરનાર બે ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

(રવિ નિમાવત દ્વારા)
.મોરબી તા.૩૦:

બેલા નજીક આવેલ કારખાનામાં સેદમાં પેલેટ પેકિંગ પટી રોડની ચોરી કરીને લઇ જતા બે ઈસમો સીસીટીવી ફૂટેજમાં દેખાતા બંને વિરુદ્ધ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે તાલુકા પોલીસે ફરીયાદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે મોરબી તાલુકાના ખરેડા ગામે રહેતા સાવનકુમાર નવનીતભાઈ ચાડમીયાએ આરોપીઓ પ્રવીણ ડાયાભાઇ ભોયા રહે મોરબી અને એક અજાણ્યા ઇસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ગત તા. ૨૪ ના રોજ બેલા ગામની સીમમાં આવેલ એડમીન વિટ્રીફાઈડ કારખાનાના સેડમાં લોડીંગ પોઈન્ટ પાસે બંને આરોપીઓ મોટરસાયકલ લઈને આવી કારખાનાના સેડમાંથી પેલેટ પેકિંગનો પટી રોડ નંગ ૧ કીમત રૂ ૪૦૦૦ ની ચોરી કરી લઇ જતા સીસીટીવી ફૂટેજમાં જોવા મળ્યા હતા મોરબી તાલુકા પોલીસે ચોરીની ફરિયાદ નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે

**યુવાનનું કોઈ કારણોસર મોત**

લખધીરપુર રોડ પર નાઈટ શિફ્ટમાં કામ કરતા યુવાનનું અગમ્ય કારણોસર મોત થયું હતું બનાવ મામલે મોરબી તાલુકા પોલીસે વધુ તપાસ ચલાવી છે હાલ મોરબીના લખધીરપુર રોડ પર આવેલ ઓક્ટીવા સિરામિકમાં રહીને કામ કરતા વિક્રમસિંગ મહેન્દ્રસિંગ (ઉ.વ.૩૪) નામના યુવાન ગત તા. ૨૯ ના રોજ ફેક્ટરીમાં નાઈટ શિફ્ટમાં કામ કરતા હતા ત્યારે કોઈ કારણોસર મોત થયું હતું બનાવને પગલે પોલીસે મૃતદેહ પીએમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો છે અને બનાવની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે

**ટ્રક ચાલકે ઓચિંતી બ્રેક મારતા અન્ય ટ્રક પાછળ ઘુસી ગયો**

માળિયા કચ્છ નેશનલ હાઈવે પર ટ્રક ચાલકે અચાનક બ્રેક મારતા પાછળ આવતો ટ્રક પાછળ ઘુસી ગયો હતો જે અકસ્માતમાં ટ્રકના ચાલકને બંને પગમાં ઈજા પહોંચતા બનાવ મામલે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે તમિલનાડુના રહેવાસી જયપ્રકાશ જગનાથન પડયાચી નામના યુવાને ટ્રક જીજે ૧૨ બીવી ૬૨૦૩ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ફરિયાદી અને તેના ડ્રાઈવર વર્તરાજ બંને પોતાની ગાડી લઈને તમિલનાડુથી ભુજ ખાતે બ્રેડ વાયર ભરીને ખાલી કરવા જતા હતા ત્યારે માળિયા કચ્છ નેશનલ હાઈવે પર આગળ જતા ટ્રકના ચાલકે પોતાની સાઈડમાંથી પુરઝડપે રોડની વચ્ચે લઈને અચાનક બ્રેક મારી હતી જેથી ફરિયાદીની ગાડી ભટકાઈ જતા ડ્રાઈવર વર્તરાજને બંને પગમાં ફ્રેક્ચર જેવી ઈજા થઇ હતી માળિયા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ ચલાવી છે

# મોરબીની જીવાદોરી સમાન મચ્છુ નદીની સફાઈ માટે અભિયાન શરુ કરાયું



(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૩૦:

મોરબી શહેરની જીવાદોરી સમાન મચ્છુ નદીમાં ગંદકી બેફામ જોવા મળી રહી છે નદીના પટમાં પણ ફાટફાટ ગંદકીના થર જામ્યા છે ત્યારે આજે મહાપાલિકા તંત્રએ મચ્છુ નદીની સફાઈનું અભિયાન શરુ કર્યું હતું

મોરબી જીલ્લા કલેકટર અને મ્યુનીસીપલ કમિશ્નરની ઉપસ્થિતિમાં મહાપાલિકા તંત્રએ મચ્છુ નદીનું સફાઈ અભિયાન શરુ કર્યું છે શહેરના બેઠા પુલ પાસેથી સફાઈના શ્રીગણેશ કરવામાં આવ્યા હતા જેમાં તંત્રને સહયોગ આપવા માટે મોરબીવાસીઓ પણ હોશેભેર જોડાયા હતા નદીને જયારે માતાનો દરજ્જો આપવામાં આવતો હોય ત્યારે મચ્છુ નદીમાં ગંદકી હોય તે કેમ ચાલે ? આમ દેર આયે દુરસ્ત આયે સમાન મોરબી મહાપાલિકા તંત્રએ આખરે નદીને સાફ કરવાની ઝુંબેશ શરુ કરી છે જેથી નગરજનોમાં ખુશીનો માહોલ છવાયો છે

# વનતારાએ લુપ્તપ્રાય બનેલા ૪૧ સ્પિક્સ મકાવ્ઝને તેમના મૂળનિવાસ બ્રાઝિલના જંગલમાં ફરી છોડવા એસીટીપી સાથે ભાગીદારી કરી

(ભરત ભોગાયતા)
જામનગર તા.૩૦:

વર્ષ ૨૦૦૦માં લુપ્તપ્રાય જાહેર કરવામાં આવેલા સ્પિક્સ મકાવ્ઝ (સાયનોપ્સિટ્ટા સ્પિક્સી) ફરીથી તેમના મૂળ નિવાસસ્થાન, બ્રાઝિલના જંગલમાં, મુક્તપણે વિહાર કરશે. આ લુપ્તપ્રાય પ્રજાતિના ૪૧ સ્પિક્સ મકાવ્ઝનું વનતારાની સંલગ્ન સંસ્થા ગ્રીન્સ ઝૂઓલોજિકલ રેસ્ક્યુ એન્ડ રિહેબિલિટેશન સેન્ટર (જીઝેડઆરઆરસી) અને એસોસિયેશન ફોર ધ કન્ઝર્વેશન ઓફ થ્રેટેન્ડ પેરટ્સ (એસીટીપી) સાથે મળીને તેમના મૂળ નિવાસસ્થાનમાં પુનઃસ્થાપન કરશે. આ ગ્લોબલ રિઈન્ટ્રોડક્શન પ્રોગ્રામના ભાગરૂપે વનતારા એસીટીપીને માર્ગદર્શન અને નિર્ણાયક સંસાધનો પૂરા પાડી રહ્યું રહ્યું છે.

આ સીમાચિન્હ આવા કાર્યક્રમોની અગાઉની સફળતાઓના આધારે હાંસલ કરવામાં આવ્યું છે, જેમાં ૨૦૨૨માં ૨૦ સ્પિક્સ મકાવ્ઝના જંગલમાં પુનઃપ્રવેશનો સમાવેશ થાય છે, તેના પરિણામે ૨૦ વર્ષોમાં પહેલીવાર જંગલમાં જ બચ્ચાનો જન્મ થયો હતો- આ ઘટના આ પ્રકારના કાર્યક્રમની નોંધપાત્ર પ્રગતિ અને ભવિષ્યની સંભાવનાઓનું પ્રમાણપત્ર બને છે. બ્રાઝિલમાં સ્થળાંતરિત કરવા માટે પસંદ કરાયેલા ૪૧ સ્પિક્સ મકાવ્ઝ તેમની વંશાવલિ અને સ્વાસ્થ્યના આધારે પસંદ કરવામાં આવ્યા હતા. આ ગ્રૂપમાં ૨૩ માદા, ૧૫ નર અને ત્રણ બચ્ચાંનો સમાવેશ થાય છે. કેટલાક મકાવ્ઝ આ વર્ષે છોડવા માટે તૈયાર કરવામાં આવી રહેલા સમૂહમાં જોડાવામાં આવ્યા હતા, જ્યારે અન્યને લાંબા ગાળાના સંરક્ષણ પ્રયાસોને ટેકો આપવા માટેના સંવર્ધન કાર્યક્રમમાં સામેલ કરવામાં આવ્યા હતા. સ્થાનાંતરણ પહેલાં પક્ષીઓ બર્લિનમાં સંવર્ધન સુવિધામાં ૨૮ દિવસથી વધુ ક્વોરેન્ટાઇનમાંથી પસાર થયા હતા, જેમાં તેઓ બ્રાઝિલના જંગલના વાતાવરણને અસર કરી શકે તેવા કોઈપણ રોગોથી મુક્ત છે તેની ખાતરી કરવા માટે વ્યાપક પરીક્ષણ કરવામાં આવ્યાં હતાં. ૨૮ જાન્યુઆરીના રોજ પક્ષીઓ બર્લિનથી બ્રાઝિલના પેટ્રોલિના એરપોર્ટ પર ચાર્ટર્ડ ફ્લાઇટમાં રવાના થયા અને તે જ દિવસે બ્રાઝિલ પહોંચ્યા હતા. અહીં પહોંચતાં જ તેમને સીધા જ ક્વોરેન્ટાઇન સુવિધામાં લઈ જવામાં આવ્યા હતા. સ્થાનાંતરણની કાળજીપૂર્વક દેખરેખ બે પશુચિકિત્સકો અને એસીટીપીના એક કીપર દ્વારા કરવામાં આવી હતી, તેમની સાથે વનતારાની જીઝેડઆરઆરસીની નિષ્ણાત ટીમ હતી. બોર્ડર પોલીસ અને ફેડરલ કસ્ટમ્સે ઝડપી ક્લિયરન્સની સુવિધા માટે એરપોર્ટ પર અસ્થાયી ઓફિસની સ્થાપના કરી હતી. પક્ષીઓ અને સ્ટાફ બંને માટે ખાસ વાહનોનો ઉપયોગ કરીને ગ્રાઉન્ડ ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# જામનગરમાં ફાઈનાન્સ કંપનીની ઓફિસમાં બે ભાઈઓના હંગામાં પ્રકરણમાં એક ભાઈએ ફરી પોત પ્રકાશ્યું

## હંગામા પ્રકરણમાં નોંધાવાયેલી પોલીસ ફરિયાદનો ખાર રાખી હાઉસિંગ લોન ભરવા બાબતે કંપનીના કર્મચારીને ફરી ધમકી આપી

(નયના દવે દ્વારા)
જામનગર તા.૩૦:

જામનગરના નવાગામ ગેડ વિસ્તારમાં રહેતા બે ભાઈઓએ હાઉસિંગ લોનની પતાવતના મામલે ખાનગી ફાઈનાન્સની કંપનીમાં હંગામો મચાવી તોડફોડ કરી લૂંટ ચલાવી હતી, જયારે ફરજ પર હાજર રહેલા કર્મચારીને મારકૂટ કરી હતી. જે મામલે સીટી બી. ડિવિઝન પોલીસમાં દિવ્યરાજસિંહ જાડેજા અને તેના ભાઈ સામે પોલીસ ફરિયાદ નોંધાવવામા આવી હતી. ઉપરોક્ત ફરિયાદના પ્રકરણમાં બંને ભાઈઓ ફરારી છે, તે દરમિયાન એક ભાઈ દિવ્યરાજસિંહ જાડેજાએ ફરી હંગામો મચાવ્યો હતો. લાલ બંગલા વિસ્તારમાં સ્વસ્તિક એવન્યુ કોમ્પ્લેક્સ માં આવેલી ફાઇનાન્સ કંપનીની ઓફિસમાં ગઈકાલે તેનું કામ સંભાળતા કર્મચારી હાર્દિકભાઈ કાથડભાઇ લૈંયા ઓફિસ ખોલીને હાજર હતા, તે દરમિયાન આરોપી દિવ્યરાજસિંહ જાડેજા ફરી ધસી આવ્યો હતો, અને અમારા ઉપર ફરિયાદ શું કામ નોંધાવી છે. અને ફરીથી ઓફિસ ખોલશો તો પતાવી નાખીશ તેવી ધમકીઓ આપી હતી અને ૯લાખ રૂપિયા ની હાઉસિંગ બાકી લોનનું દોઢ લાખમાં સેટલમેન્ટ કરી નાખવા દબાણ કર્યું હતું. જેથી માંગલો ફરીથી સીટી બી. ડિવિઝન પોલીસ મથમાં લઈ જવાયો હતો, અને દિવ્યરાજસિંહ જાડેજા સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# મોરબીમાં દબાણ હટાવો ઝુંબેશને પગલે લારી ગલ્લાવાળાને વૈકલ્પિક જગ્યા આપવાની માંગ

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૩૦:

મોરબીને મહાપાલિકાનો દરજ્જો આપ્યા બાદ મ્યુંનીસીપલ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ શહેરમાં દબાણ હટાવો ઝુંબેશ પુરજોશમાં ચાલી રહી છે શહેરના શનાળા રોડ, સામાકાંઠા સહિતના વિસ્તારમાં દબાણો હટાવાયા છે ત્યારે લારી ગલ્લા રાખી વેપાર કરતા નાના ધંધાર્થીઓની રોજી રોટી છીનવાઈ ગઈ છે ત્યારે આજે નાના ધંધાર્થીઓને વૈકલ્પિક જગ્યા આપવાની માંગ સાથે રજૂઆત કરવામાં આવી હતી

મોરબી શહેર કોંગ્રેસ પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજાની આગેવાની હેઠળ આજે નાના ધંધાર્થીઓને સાથે રાખીને ડેપ્યુટી કમિશ્નરને રજૂઆત કરવામાં આવી હતી જેમાં હાલ દબાણ હટાવો ઝુંબેશ અંતર્ગત લારી ગલ્લા હટાવવામાં આવી રહ્યા છે જે નાના ધંધાર્થીઓએ સરકારમાંથી મળતી લોન લઈને વેપાર કરી રહ્યા છે તેમની પાસે આવકનું અન્ય કોઈ સાધન નથી અને ધંધા રોજગાર છીનવાઈ ગયા છે જેથી અનેક પરિવારો આર્થિક ભીંસ અનુભવી રહ્યા છે ત્યારે નાના ધંધાર્થીઓના હિતમાં મહાપાલિકા તંત્ર વૈકલ્પિક જગ્યા ફાળવે તેવી માંગ કરી હતી

# ગાંધીધામના નામચીન શખ્સની હોટેલ પર બુલડોઝર ફેરવી દેવાયુ

## સરકારી જમીનમાં કબ્જો કરી ગેરકાયદે ખડકી દેવાયેલી ઉત્તરાખંડ પંજાબ હોટેલને જમીનદોસ્ત કરી દેવાઈ

રાજકોટ

ગાંધીધામમાં દારૂ, આર્મ્સ એક્ટ, મારામારી સહિતના અનેક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા શખ્સની ગેરકાયદે હોટેલ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. કાસમ ત્રાયા નામના શખ્સે સરકારી જમીન પર કબ્જો કરી ગેરકાયદે ઉત્તરાખંડ - પંજાબ નામે હોટેલ ખડકી દેવાઈ હતી. જે હોટેલને તોડી પાડવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર હાલ ભચાઉમાં રહેતા અને મૂળ ગાંધીધામના મીઠીરોહરના રહેવાસી કાસમ રાજા ત્રાયા નામના ગુનાહિત ઇતિહાસ ધરાવતા શખ્સ વિરુદ્ધ તંત્રએ લાલ આંખ કરી છે. આ શખ્સે સરકારી પડતર જમીનમાં કબ્જો કરી ગેરકાયદે ઉત્તરાખંડ - પંજાબ નામે હોટેલ ખડકી દેવામાં આવી હતી. જે હોટેલ પર વહીવટી તંત્રએ પૂર્વ કચ્છ પોલીસને સાથે રાખી બુલડોઝર ફેરવી દીધું હતું.

# ચોટીલા ખાતે અનઅધિકૃત રીતે ખનીજ વહન કરતાં ટ્રકોની ગતિવિધિ સામે સ્પેશ્યલ ડ્રાઈવ યોજાઈ

## ૧૬ વાહનો સહીત રૂ. ૫.૪૦ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કડક અને દંડાત્મક કાર્યવાહી કરતાં નાયબ કલેકટર

(મહેશ રાવલ દ્વારા)
સુરેન્દ્રનગર તા.૩૦:



સુરેન્દ્રનગર જિલ્લાનાં ચોટીલા તાલુકામાં અનઅધિકૃત રીતે અને ગેરકાયદેસર ચાલતી ખાણ ખનીજ વહનની ગતિવિધિ સામે નાયબ કલેકટર શ્રી એચ. ટી. મકવાણા તેમજ ચોટીલા મામલતદારશ્રી પી. બી. જોશીની સયુંક્ત ટીમ દ્વારા સ્પેશ્યલ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૨૯.૦૧.૨૦૨૫નાં રોજ રાત્રે ૦૭.૦૦ વાગ્યાથી ૦૨.૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન જુદાજુદા સ્થળે ચેકિંગ કરી રૂ. ૫.૪૦ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

ચોટીલાના જુદા જુદા સ્થળો જેવા કે, રાજકોટ હાઈવે પર જાની વડલા બોર્ડ, થાનગઢ રોડ, સાંગાણી પુલ ઉપર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આકસ્મિક રીતે ખાનગી રાહે તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં રોયલ્ટી પાસ વગરના તેમજ ઓવર લોડેડ અનઅધિકૃત રીતે ખનીજનું વહન કરતા કુલ ૧૬ ટ્રક જે પૈકી ૧ - બિનવારસી ઝડપી પાડયા હતા. જેની મુદ્દામાલની કુલ રકમ રૂ.૫,૪૦,૩૭,૦૦૦/-અંકે રૂપિયા પાંચ કરોડ ચાલીસ લાખ સાડત્રીસ હજાર પુરા થાય છે. જે તમામ ટ્રકનું વે-બ્રીજ ખાતે વજન કરી, તમામ ટ્રકને સીઝ કરી મામલતદાર કચેરી, ચોટીલા ખાતે લાવવામાં આવ્યા હતા.

ગુજરાત પ્રિવેન્શન ઓફ ઈલલીગલ માઈનિંગ, ટ્રાન્સપોર્ટેશન અને સ્ટોરેજ રૂલ્સ,૨૦૧૭ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઘણા ટ્રકના ડ્રાઈવર નાશી છુટતાં ભાગી ગયેલ હોય તેવી ટ્રકો બિનવારસી ગણીને સીઝ કરવામાં આવી હતી તેમજ ઘણી ટ્રકોના ડ્રાઈવર રસ્તા તેમજ રોડ વચ્ચે ટ્રકો ખાલી કરીને નાસી છૂટ્યા હતા.

ચેકીંગ ટીમ દ્વારા જપ્ત કરવામાં આવેલા વાહનોમાં સાદી રેતી ભરેલા ૧૬ વીલ અને ૧૨ વીલ ટોરસ અનુક્રમે અંદાજિત રકમ રૂ.૪૫,૨૦,૦૦૦/- અને રૂ.૩૦,૨૩,૦૦૦/-, સાદી રેતી ભરેલા અંદાજિત રૂ. ૨,૯૫,૫૯,૦૦૦/- કીમતનાં ૦૯ ટ્રક, કાર્બોસેલ ભરેલા ૨ ટ્રેલર અંદાજિત રૂ. ૯૧,૦૦,૦૦૦/-, સાદી રેતી ભરેલા ૨ ટોરસ અંદાજિત રૂ.૫૫,૨૮,૦૦૦/-, ૧ ટ્રક સાદી રેતી અંદાજિત રૂ.૨૩,૦૭,૦૦૦/- સહીત કુલ રૂ.૫.૪૦ કરોડ થી વધુનાં મુદ્દામાલનો સમાવેશ થાય છે.

# ગોંડલના જામવાડી સ્થિત કારખાનામાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

## સીસીટીવી મારફત ચોરીમાં વપરાયેલી કારના આધારે મોરબીની બેલડીની ધરપકડ

રાજકોટ

ગોંડલના જામવાડી જીઆઈડીસીમાં આવેલી એક ફેક્ટરીમાં ત્રણ દિવસ પૂર્વે ચોરીની ઘટના સામે આવી હતી. તસ્કરો કારખાનાણી ઓફિસણી બારીબો સળીયો કાપી અંદર ઘુસી ખાનામાં રાખેલ રૂ. ૫.૩૫ લાખની રોકડ ઉઠાવી ગયાં હતા. જે મામલે ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. દરમિયાન એલસીબી અને બી ડિવિઝન પોલીસે અલગ અલગ સીસીટીવી ચેક કરી ચોરીમાં વપરાયેલી કારની ભાળ મેળવી ગોંડલની સુરેશ્વર ચોકડી નજીકથી કારને પકડી મોરબીના અંકિત વિકાણી અને સૂરજ સોલંકીણી ધરપકડ કરી રોકડ, વિદેશી ચલણી નોટ સહીત રૂ. ૪.૦૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ગોંડલ જામવાડી જી.આઈ.ડી.સી.માં પ્રાઇમ એગ્રો ફૂટ પ્રોડકટ નામનું કારખાનું આવેલ છે. મારા કારખાનામાં અંદાજે ૩૦ જેટલા મજૂરો કામ કરે છે. ગત તા. ૨૫/૦૧/૨૦૨૫ ના રોજ હું સાંજના સાડા આઠ કારખાનાની ઓફિસોને લોક કરી ઘરે જતો રહેલ હતો. મારી ઓફિસમાં રૂ.૪,૫૦,૦૦૦ તથા પ્લાન્ટ મેનેજરની ઓફિસમાં રૂ. ૮૫૦૦૦ રોકડા રાખેલ હતા. ઓફિસમાં જોતા ઓફિસના ટેબલના ખાનાના લોક તુટેલ હતા અને ખાનામાં રાખેલ રોકડ રૂ.૪,૫૦,૦૦૦ મળી આવેલ ન હતા. જે બાદ માર્કેટિંગ ઓફિસનો પણ લોક તૂટેલ હતો પરંતુ આ ઓફિસમાંથી કોઈ વસ્તુ ચોરાયેલ ન હતી ત્યારબાદ પ્લાન્ટ મેનેજરની ઓફિસમાં જોતા તેની અંદર ટેબલના ખાનાનો લોક તુટેલ હતો અને ટેબલના ખાનામાં રાખેલ રોકડ રૂપિયા ૮૫,૦૦૦ મળી આવેલ ન હતા.

જે મામલે ગોંડલ બી ડિવિઝન પોલીસે કારખાનેદારની ફરિયાદ પરથી ચોરીનો ગુનો નોંધી સીસીટીવી સહિતના ફૂટેજ મેળવી અજાણ્યા તસ્કરની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. .

એલસીબી પીએસઆઈ એચ સી ગોહિલ, હેડ કોન્સ્ટેબલ અનિલભાઈ ગુજરાતી, વાઘાભાઈ આલ, ભગીરથસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ મહિપાલસિંહ ચુડાસમાએ હ્યુમન રિસોર્સ અને સીસીટીવી ફૂટેજ ચેક કરતા ગુનામાં વપરાયેલી એસન્ટ કાર નંબર જીજે-૦૩-સીએ-૨૩૬૬ને ગોંડલની સુરેશ્વર ચોકડી નજીકથી ઝડપી લેવામાં આવી હતી. કારમાં સવાર બંને શખ્સોંની ઓળખ અંકિત મહાદેવભાઈ વિકાણી , સૂરજ સુખાભાઈ સોલંકીની ધરપકડ કરી રૂ. ૩,૧૮,૯૦૦ની રોકડ, અલગ અલગ દેશની આઠ ચલણી નોટ, ચોરીમાં વપરાયેલ ડિસમિસ, પકડ સહિતના ઓજાર, બે મોબાઈલ ફોન અને એસન્ટ કાર સહીત રૂ. ૪,૦૪,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

### રાજકોટની ખાનગી શાળાની ઘટના

# હોમવર્ક ન કરતા વિદ્યાર્થિનીને પ્રિન્સિપાલે ઠપકો આપી માર માર્યો

રાજકોટ, તા.૩૦

રાજકોટની ખાનગી શાળામાં હોમવર્ક ન કરતા વિદ્યાર્થિનીને પ્રિન્સિપાલે ઠપકો આપી માર માર્યો હતો. જેથી વિદ્યાર્થિનીને લાગી આવતા તે ત્યાંથી નીકળી ગઈ હતી અને પોતાના ઘરે પણ પહોંચી ન હતી. પરિવારે વિદ્યાર્થિની ગુમ થવાની ફરિયાદ કરતાં પોલીસે તપાસ હાથ ધરીને વિદ્યાર્થિનીને શોધી કાઢી હતી. સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ હતી.

રાજકોટમાં આવેલી તપન સ્કૂલમાં આઠમાં ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની હોમવર્ક કરીને ન આવતાં પ્રિન્સિપાલે તેને માર માર્યો હતો. આ પછી વિદ્યાર્થિની ત્યાંથી જતી રહી અને ઘરે પણ પહોંચી ન હતી. ત્યારબાદ પરિવારે દીકરી ઘરે ન આવતા સ્કૂલમાં તપાસ કરીને પોલીસમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. જો કે, આ પછી પોલીસે તપાસ કરી તો દીકરી ૧૫૦ ફૂટ રીંગ રોડ પરથી જતી નજરે પડી હતી.

સમગ્ર ઘટનાને પગલે પોલીસે દીકરીનું કાઉન્સલિંગ કરીને પોતાના ઘરે છોડવામાં આવી હતી. જ્યારે બે દિવસ બાદ આ બનાવના ઝઝ્ઝફ ફૂટેજ સામે આવ્યા હતા. મળતી માહિતી મુજબ, રાજકોટમાં છેલ્લા બે દિવસમાં ચારથી વધુ આવી ઘટનાઓ સામે આવી છે.

# રાજકોટ પીજીવીસીએલના કર્મચારી પતિ સહીત સાસરિયા વિરુદ્ધ પરિણીતાની રાવ

## નાની-નાની વાતમાં ટોર્ચર કરતા સાસરિયાઓએ પિયર મોકલી દીધા બાદ પરત તેડવાં આવ્યા જ નહિ, મહિલા પોલીસમાં નોંધાતો ગુનો

રાજકોટ

શહેરની ભાગોળે આવેલા કસ્તુરબા ધામ ત્રંબામાં માવતરે રહેતી પરિણીતાએ ભચાઉ પીજીવીસીએલ ડિવિઝનમાં નોકરી કરતાં પતિ કેવલ ભાડ અને તેના પરિવાર વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે. પિયરથી પિતાએ આપેલા રૂપીયા પણ પતિ લઈ લેતો અને સાસુ-સસરા અને નણંદ ટોર્ચર કરતાં હોવાની રાવ સાથે પરિણીતાએ મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

મામલામાં કસ્તુરબા ધામ ત્રંબામાં રહેતાં મૂળ અમરેલીના વતની અંજલીબેન કેવલભાઈ ભાડ (ઉ.વ.૨૫) એ તેના પતિ કેવલ ભાડ (રહે. ભચાઉ પીજીવીસીએલ સબ ડિવિઝન), સાસુ વર્ષાબેન, સસરા કિશોરભાઈ ભાડ (રહે. બંને જેસિંગપરા, અમરેલી) અને નણંદ ભૂમિબેન નીરવ સરવૈયા (રહે. બ્રાહ્મણ સોસાયટી, અમરેલી) વિરૂદ્ધ માનસિક અને શારીરિક ત્રાસ આપ્યાની ફરીયાદ નોંધાવી હતી. તેણી છેલ્લા અઢી વર્ષથી પિયરમાં માતા પિતા સાથે રહે છે. તેણીએ તા.૦૬/૧૨/૨૦૧૯ ના કેવલ ભાડ સાથે રાજકોટ લગ્ન કરેલ અને તેણી અમરેલી જીલ્લામાં સંયુકત પરિવારમાં રહેતી હતી. તેણી પતિને કાઈ ઘરની વાત પુંછ્તી તો કહેતા કે, આ અમારા ઘરની વાતમાં તારે કાંઈ ધ્યાન આપવું નહી.તેમજ નણંદ ભુમીબેન સાસુને ફોનમાં તેણી વિરુધ્ધમાં ચઢામણી કરતા હતાં. તેમજ દંપતી વચ્ચે ઝઘડો થયેલ ત્યારે તેણી પિયર આવેલ અને બાદમાં સમાધાન કરી પતિ તથા સસરા તેડી ગયેલ હતાં. પતિ તથા મારા સસરા મને તેડી ગયેલ અને મારા સાસરીયાવાળા અંધશ્રધ્ધામાં વધુ પડતું માનતા હોય અને તેણી જયારે પિયર આટો મારવા આવતી. ત્યારે તેણીના પિતા વાપરવાના રૂપીયા આપતા તે પતિ લઈ લેતા અને જયારે મારે જરૂર હોય ત્યારે પરત આપતા નહી.તેમજ તેણીના પતિ નાની નાની વાતમાં મેણા ટોણા મારતા મારી અવાર નવાર મારકુટ કરી હેરાન કરતા હતાં. તેણીના પિયરમાં કાકાના ઘરે માતાજીનો પ્રસંગ હતો ત્યારે સસરાએ કહેલ કે, તમે થોડાક દિવસ વહેલા જાઉં અને અમે તમારા કાકાના ઘરે પ્રસંગમાં આવશું.ત્યારે આપણે બધા સાથે આવતા રહેસું પણ આજ સુધી તેઓ તેડવા કે સમાધાન કરવા પણ આવેલ નથી. દરમિયાન તેણીના પતિ અને સાસુ-સસરા આવેલ અને કહેલ કે, અમારે છુટાછેડા જોઇયે છે. તેણીના પતિએ મૈત્રી કરાર પણ કરેલ છે. બનાવ અંગેની ફરીયાદ પરથી મહિલા પોલીસે તપાસ આદરી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેના પતિ ભચાઉ પીજીવીસીએલ ડિવિઝનમાં સરકારી નોકરી કરે છે.

# લોધીકાના રાતૈયા ગામે પુત્રીને લઇને જતાં શખ્સને અટકાવનાર પિતાનુ માથું ફોડી નખાયું

## શખ્સે પથ્થરનો છૂટો ઘા મારતા ખેડૂતને માથાના ભાગે ઈજા

રાજકોટ

લોધીકા તાલુકાના રાતૈયા ગામે પુત્રીને મોટરસાયકલમાં લઈને જઈ રહેલા યુવાનને અટકાવતા વિશાલ સિપરીયા નામના શખ્સે ખેડૂતને માથાના ભાગે પથ્થરનો ઘા ઝીંકી દીધાનો બનાવ મેટોડા જીઆઈડીસી પોલીસના ચોપડે નોંધાયો છે.

મામલામાં લોધીકા તાલુકાના રાતૈયા ગામે થેતા ખેડૂત શૈલેષભાઇ ભનુભાઈ વણાર (ઉ.વ.૪૪)એ મેટોડા જીઆઈડીસી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઇ તા.૨૫/૦૧/૨૦૨૫ ના બપોરના આશરે દોઢ વાગ્યાના અરસામાં હું મારૂ મોટર સાયકલ લઇને વાડીએ જતો હતો. ત્યારે મારી દિકરી દિક્ષિતાને લઇને અમારા ગામનો વિશાલ મધુભાઈ સિપરીયા મોટરસાયકલ પર જઈ રહ્યો હતો. જે હું જોઇ જતાં મે વિશાલનું મોટરસાયકલ ઉભું રખાવ્યું હતું. જે બાદ વિશાલ મને જેમ ફાવે તેમ ગાળો આપી ભાગવા લાગેલ હતો અને ભાગતા ભાગતા વિશાલે પથ્થરનો ઘા કરતા મને માથામાં પથ્થર વાગેલ હતો. જેથી હું પડી ગયેલ હતો. દરમિયાન મારો ભત્રીજો અભિષેક તેની વાડીએ જતો હોય અને મને જોઇ જતાં મે તેને બનાવની વાત કરેલ હતી. બાદમાં અભિષેક પહેલા મારી દિકરી દિક્ષિતાને ઘરે મુકી આવેલ બાદ અભિષેક પાછો આવી મને પ્રથમ મારા ઘરે લઈ આવેલ અને બાદ એક ફોરવ્હીલ ગાડીમાં અભિષેક રસીકભાઈ વણાર તથા અશોકભાઈ વાઘજીભાઈ વણાર ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઇ ગયાં હતા.

મામલામાં મેટોડા જીઆઈડીસી પોલીસના એએસઆઈ એચ એ ખાચરએ ખેડૂતની ફરિયાદ પરથી રાતૈયા ગમન્સ વિશાલ મધુભાઈ સિપરીયા વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# ધોરાજીના છાડવાવદર ગામે પિતા-પુત્ર પર મહિલા સહીત ચાર શખ્સે કર્યો હુમલો

## દોઢ વર્ષ પૂર્વે હુમલાખોરોની પુત્રીનો વિડીયો ઉતારવા બાબતે થયેલી બોલાચાલીનો ખાર રાખી લોખંડનો પાઇપ અને ધોકા વડે તૂટી પડ્યા

રાજકોટ :ધોરાજીના છાડવાવદર ગામે દોઢ વર્ષ પૂર્વે પુત્રીનો વિડીયો ઉતારવા બાબતે થયેલી બોલાચાલી બાદ એક મહિલા સહીત ચાર શખ્સોંએ પિતા-પુત્રને લોખંડના પાઇપ અને લાકડાના ધોકા વડે માર માર્યાનો બનાવ સામે આવ્યો છે. હાલ આ મામલે બંને પિતા-પુત્રએ હોસ્પિટલના બિછાનેથી ધોરાજી તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય વિરુદ્ધ હુમલાની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

હુમલાની ઘટનામાં ધોરાજી તાલુકા પોલીસમાં અશ્વિનભાઇ પુંજાભાઈ પરમાર(ઉ.વ.૪૨ રહે.છાડવાવદર ગામ, ધોરાજી,રાજકોટ)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું બાજુમા રહેતા ચંદુભાઇ નાથાભાઇ મકવાણા, તેની પત્ની રસીલા, તેના બે દિકરા રવી અને રોહીત ધસી આવ્યા હતા. આ સમયે ચંદુભાઇ તથા તેના દિકરાઓના હાથમા લોખંડનો પાઇપ હતો અને રસીલાના હાથમાં લાકડાનો ધોકો હતો.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, આશરે દોઢ-બે વર્ષ પહેલા મારા પુત્ર રણજીત ચંદુભાઇ નાથાભાઇ મકવાણાની દિકરીનો વિડીયો ઉતારતો હોય તેવી ખોટી શંકાઓ કરી તે બાબતનો ખાર રાખી ચંદુભાઇ તથા બંને દિકરાઓ મને લોખંડના પાઈપથી મારવા લાગેલ હતા. ત્યારબાદ કોઇએ ૧૦૮ ને ફોન કરી દિધેલ હોય જેથી ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા હું તેમા ધોરાજી સરકારી દવાખાને સારવારમા ગયેલ હતો, જ્યા મને માથાના ભાગે ટાંકા આવ્યા હતા. જે બાદ વધુ સારવાર માટે જુનાગઢ સરકારી હોસ્પીટલે રીફર કરતા મને મારા મોટાભાઈ માધાભાઈ પુંજાભાઈ પરમાર એમ્બ્યુલન્સમાં જુનાગઢ સરકારી હોસ્પીટલે સારવારમા લાવી દાખલ કરાવેલ હતો. બાદ પાછળથી મારો દિકરો રણજીત પણ ધોરાજી સરકારી દવાખાને સારવારમા ગયેલ હોય ત્યાથી તેને પણ વધુ સારવાર માટે રીફર કરતા રણજીત પણ જુનાગઢ સરકારી હોસ્પીટલમાં સારવાર માટે દાખલ થયેલ હતો.

# મહેસાણામાં વિદ્યાર્થીનીના આપઘાત મામલે ૪ પ્રોફેસર અને પ્રિન્સિપાલ વિરૂદ્ધ ફરિયાદ દાખલ



મહેસાણા,તા.૩૦

મહેસાણાની બાસણા મર્ચન્ટ કોલેજમાં બી.એચ.એમ.એસ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીએ બુધવારે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. કોલેજના પ્રોફેસર દ્વારા શિક્ષણ કાર્યમાં માનસિક ટોર્ચર કરવામાં આવતું હોઈ તેણીએ જીવન ટુંકાવ્યું હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. આ ઘટના બાદ જવાબદાર પ્રોફેસરોને બરતરફ કરાયા હોવાનું પ્રિન્સિપાલે જણાવ્યું હતું. જ્યારે પોલીસ દ્વારા વિદ્યાર્થીનીના આપઘાતના મામલે ૪ પ્રોસેસફર અને પ્રિન્સિપાલ સહિત પાંચ લોકો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

મહેસાણાની બાસણા મર્ચન્ટ કોલેજમાં બી.એચ.એમ.એસ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી ઉર્વશી શ્રીમાળીએ (૧૯ વર્ષ રહે,નગવાડા, સુરેન્દ્રનગર ) કોલેજની હોસ્ટેલના રૂમ નંબર બી-૨૧૨માં બુધવારે બપોરે અગમ્ય કારણોસર ફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી જવા પામી હતી. ઉલ્લેખનિય છે કે, રૂમમાં વિદ્યાર્થીનીને ફાંસો ખાધેલી હાલતમાં અન્ય છાત્રાઓ જોઈ જતાં બુમાબુમ કરી મુકવા છતાં કોઈ વ્હારે નહીં આવતાં તેમણે જ યુવતીને બચાવવાના પ્રયાસો કરી હોસ્પિટલ સુધી પહોંચાડી હતી. પરંતુ કમનસીબે તેણીનું મોત નીપજ્યું હતું.

કોલેજના પ્રોફેસર દ્વારા તેને શિક્ષણ કાર્યમાં માનસિક ટોર્ચર કરવામાં આવતું હોઈ તેણીએ જીવન ટુંકાવ્યું હોવાનો ઉર્વશીના પિતાએ ગંભીર આક્ષેપ કર્યો હતો. પ્રોફેસરો દ્વારા ધમકાવવામાં આવતી હતી નાપાસ કરવાની ધમકી આપવામાં આવતી હતી. એક જ વસ્તુ ત્રણ-ત્રણ વાર લખવાની ફરજ પાડવામાં આવતી હતી અને જાહેરમાં અપમાનિત કરવામાં આવતી હતી. આ ઉપરાંત અયોગ્ય રીતે સ્પર્શ કરવાનો પણ પ્રયાસ કરવામાં આવતો હતો .આ મામલે પ્રિન્સિપાલને ફરિયાદ કરવામાં આવતાં તે પ્રોફેસરોનો પક્ષ લેતાં હતા. સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા હોસ્ટેલના રૂમમાં ગળે ફાંસો ખાનાર છાત્રાને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોલેજના પ્રિન્સીપાલ કે પ્રોફેસર દ્વારા કોઈ પ્રયાસ કરવામાં ન આવ્યો હોવાના ગંભીર આક્ષેપ કર્યા હતા. પ્રોફેસર દ્વારા જનરલ લખવા સહિતના મુદ્દે માનસિક ટોર્ચર કરવામાં આવતું હોવાનો બળાપો કાઢ્યો હતો.

ઘટનાને પગલે બુધવારે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયો હતો. કેમ્પસમાં હાજર ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ હોબાળો મચાવીને ભારે સુત્રોચ્ચાર કરીને વાતાવરણ ગજવી મુક્યું હતું. આ ઘટનાને પગલે વિદ્યાર્થીઓમાં આક્રોશ જોવા મળ્યો હતો. આક્રોશિત વિદ્યાર્થીઓએ કોલેજ કેમ્પસમાં તોડફોડ મચાવી જ્યાં સુધી જવાબદારો સામે પગલાં નહીં ભરાય ત્યાં સુધી શિક્ષણ કાર્યથી દૂર રહી હડતાલ શરૂ કરતાં દોડધામ મચી જવા પામી છે

# ગુજરાતના ચાર શહેરમાં સ્ટેટ જીએસટીના દરોડા: અંદાજીત ૯.૧૧ કરોડની કરચોરી શોધી કાઢી

અમદાવાદ,તા.૩૦

ગુજરાત સ્ટેટ જીએસટી વિભાગ કરચોરી રોકવા મક્કમ છે. આ અંતર્ગત જી વિભાગ દ્વારા રાજ્યમાં અનેક જગ્યાએ દરોડા પાડીને મોટી કાર્યવાહી કરી છે. વાસ્તવમાં જીએસટી વિભાગે અમદાવાદ, સુરત, વાપી અને વ્યારામાં ૧૪ વેપારીઓને ત્યાં દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન જીએસટી વિભાગે અંદાજીત ૯.૧૧ કરોડની કરચોરી શોધી કાઢી છે.

કરચોરી એટલે કે બિલ વિનાના થતા વેચાણો અટકાવવા માટે ગુજરાત સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા તા. ૨૧ મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ કેમીકલ્સ, ગીફ્ટ આર્ટીકલ્સ અને રમકડા, ઈલેક્ટ્રોનીક્સ, બ્યુટી પાર્લર અને મેન પાવર સહિત વિવિધ ક્ષેત્રોમા કાર્યરત કુલ ૧૪ વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. વિગતો મુજબ આ ૧૪ વેપારીઓ પૈકી ૮ વેપારીઓ અમદાવાદમાં, ૩ વેપારીઓ સુરતમાં, ૨ વેપારીઓ વાપીમાં તથા ૧ વેપારી વ્યારામાં આવેલ હતા.

વિગતો મુજબ તપાસ દરમિયાન બિનહિસાબી વેચાણ અને વેરાની ઓછી જવાબદારી દર્શાવવા જેવી ગેરરીતિઓ ધ્યાનમાં આવેલ હતી. જીએસટી વિભાગ દ્વારા આ કાર્યવાહી દરમિયાન અંદાજીત રૂ. ૯.૧૧ કરોડની કરચોરી શોધી કાઢવામાં આવી છે. રાજ્યના કર વિભાગ દ્વારા આ કેસમાં સરકારી આવકના રક્ષણ અને વસૂલાત માટે યોગ્ય કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

# અમેરિકાથી અમદાવાદ આવતા ભાગેડું વીરેન્દ્ર પટેલ દબોચાયો, ૭૭ કરોડ ઠગ્યા હતા



અમદાવાદ,તા.૩૦

કહેવાય છે કે, 'કાનૂન કે હાથ લંબે હોતે હૈ' આ વાતને સાર્થક કરતી ઘટના સામે આવી છે. બે દાયકાથી વોન્ટેડ આરોપી પકડાયો છે. ઝેઁ ભાગેડુ ઠગ બેંકર વિરેન્દ્ર પટેલની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેણે ૭૭ કરોડની છેતરપિંડી કરી હતી અને જે બાદ તે ફરાર થયો હતો.

છેલ્લા ૨૦ વર્ષથી ફરાર આરોપી અંતે પોલીસ પકડમાં આવી ગયો છે. ભાગેડું ઠગ બેંકર વીરેન્દ્ર પટેલની સીબીઆઈએ ધરપકડ કરી છે. વિદેશથી પરત આવતા આરોપીને અમદાવાદ એરપોર્ટ પરથી પકડી લેવાયો છે. આરોપી વીરેન્દ્ર પટેલ આણંદમાં ચરોતર નાગરિક સહકારી બેંકમાં ડિરેક્ટર હતો. આરોપીએ બેંકમાં ૭૭ કરોડની નાણાકીય છેતરપિંડી કરી હતી.

વર્ષ ૨૦૦૨માં વીરેન્દ્ર પટેલ સામે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. બનાવટી દસ્તાવેજો અને છેતરપિંડી સહિતની કલમ હેઠળ પોલીસે ગુનો નોંધ્યો હતો. સીબીઆઈએ વર્ષ ૨૦૦૪માં આરોપી વીરેન્દ્ર પટેલ વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ પણ જાહેર કરી હતી. ઈન્ટરપોલની વિવિધ ચેનલના માધ્યમથી આરોપીની કડી મળતા અંતે પોલીસે આરોપીને દબોચી લીધો છે..

# લેખીત પુર્વ મંજુરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ

# દેવભૂમિ દ્વારકાના ૨૧ ટાપુઓ પર બે મહિના સુધી પ્રવેશબંધી

દેવભૂમિ દ્વારકા, તા.૩૦

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વહીવટી તંત્રએ દરિયામાં આવેલા ૨૧ ટાપુઓ પર પુર્વ મંજુરી વિના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ ઉપરાંત દ્વારકા નજીકના આવેલા ટાપુ પર વાહનોની અવર-જવર તથા કચરો ફેંકવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ જાહેરનામું પ્રસિધ્ધ કરીને જિલ્લાના ૨૧ ટાપુઓ ઉપર જે તે ટાપુની મહેસુલી હકુમત ધરાવતા પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટની લેખીત પુર્વ મંજુરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.જિલ્લામાં આવેલ ૨૧ ટાપુઓ જેવા કે (૧) ધાની ઉર્ફે ડની ટાપુ, (૨) ગાંધીયોકડો ટાપુ, (૩) કાલુભાર ટાપુ, (૪) રોઝી ટાપુ, (૫) પાનેરો ટાપુ, (૬) ગડુ (ગારૂ) ટાપુ, (૭) સાનબેલી (શિયાળી) ટાપુ, (૮) ખીમરોઘાટ ટાપુ, (૯) આશાબાપીર ટાપુ (૧૦) ભેંદર ટાપુ (૧૧) ચાંક ટાપુ (૧૨) ધબધબો (દબદબો) ટાપુ (૧૩) દીવડી ટાપુ (૧૪) સામીયાણી ટાપુ (૧૫) નોરૂ ટાપુ (૧૬) માન મરૂડી ટાપુ (૧૭) લેફા મરૂડી ટાપુ (૧૮) લંધા મરૂડી ટાપુ (૧૯) કોઠાનું જંગલ ટાપુ (૨૦) ખારા મીઠા ચુષ્ણા ટાપુ (૨૧) કુડચલી ટાપુ ઉપર જે તે ટાપુની મહેસુલી હકુમત ધરાવતા પ્રાંત અધિકારી અને સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટની લેખિત પૂર્વ મંજુરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે. આ જાહેરનામું તા.૩૦/૦૧/૨૦૨૫થી તા.૩૦/૦૩/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

# અંબુજા સિમેન્ટ્સનો વાર્ષિક ધોરણે કર બાદનો નફો બે ગણાથી વધુ વધ્યો

કોડીનાર તા ૩૦:

વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોની સિમેન્ટ અને બાંધકામ સામગ્રી સાથે સંકળાયેલી અંબુજા સિમેન્ટ્સ લિ.એ આજે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર ૩ અને નાણાકીય વર્ષ-૨૫ ના નવ મહિનાના ટકાઉ નાણાકીય પરિણામોની ઘોષણા આજે જાહેરાત કરી હતી. કાર્યક્ષમતામાં નોંધપાત્ર પ્રોત્સાહન, બજારમાં વ્યાપક હાજરી અને જૂથ સાથે સુમેળ સાધીને ખર્ચ નિયંત્રણ વગેરે પરિબળો સિમેન્ટના વ્યવસાયની વૃદ્ધિના ચાલક બળો છે. આગામી ક્વાર્ટરમાં કંપની તેના મૂલ્ય અને બજાર નેતૃત્વને જાળવી રાખવા પ્રતિબધ્ધ છે.

અંબુજા સિમેન્ટના પૂર્ણકાલિન ડાયરેકટર અને સી.ઇ.ઓ.શ્રી અજય કપુરે જણાવ્યું હતું કે અમારી વૃધ્ધિની યોજના સાથે સંલગ્ન ટકાઉ પ્રદર્શનનું આ ક્વાર્ટરમાં દેખાતું પ્રતિબિંબ જણાવવાનો અમને આનંદ છે. નવી ભૂગોળોમાં અમારા વિઝનનના વિસ્તરણને દોરી જતાં પરિબળોમાં નૂતન અભિગમ, ડિજીટાઇઝેશન, ગ્રાહકનો સંતોષ અને ઉપર સતત લક્ષ્ય સામેલ છે. અમારા વ્યૂહાત્મક હસ્તાંતરણોએ અમારી ક્ષમતા અને બજારની હાજરીમાં નોંધપાત્ર વધારો કર્યો છે. અમારા આ ચાલુ વિસ્તરણ પ્રકલ્પો અમારા હિસ્સેદારોને અપવાદરૂપ મૂલ્ય પહોંચાડશે અને નાણાકીય વર્ષ ૨૬ મારફત નાણાકીય વર્ષ ૨૫ની આખરમાં વાર્ષિક ૧૦૪ મિલિયન ટન અને નાણા વર્ષ-૨૬માં ૧૧૮ મિલિયન ટનની ક્ષમતા પ્રાપ્ત કરવા તરફ અમને દોરી જશે. ક્વાર્ટર દરમિયાન કંપનીની નેટવર્થ રૂ.૨,૬૧૯ કરોડ વધીને રૂ. ૬૨,૫૩૫ કરોડ થઇ છે. કંપની ઋણમૂકત છે.

# મોટાદેવળિયા ગામે વર્ષો જુનો ગાડા માર્ગ બંધ કરવા વનતંત્ર ની હિલચાલથી ખેડુતો નારાજ

## ખેડુતો દ્વારા નાયબ કલેકટરને આવેદન અપાયું,પવનચક્કીના વીજપોલ દબાણ મુદ્દે તંત્રનું મૌન, અને ખેડુતોને ચાલવા માટે ધમકી મળી રહી છે!

બાબરા તા.૩૦:

બાબરા તાલુકા ના મોટાદેવળિયા ગામે ફોરેસ્ટ વિભાગ ના ઉચ્ચ કર્મી ની મનસુફી થી ખેડુતો ને હાલવા ચાલવા નો વર્ષો જુનો ગાડા માર્ગ બંધ કરવા મૌખિક ધમકી મળતા મોટા દેવળિયા ના ખેડુતો સહિત આગેવાનો પોતાની રજુઆત કરવા નાયબ કલેકટર કચેરી સુધી દોડી ગયા હતા અને મોટા દેવળિયા ના ખેડુતો ને વનતંત્ર ના ત્રાસ માંથી છોડાવવા રજુઆત કરી હતી

પત્ર માં જણાવ્યા મુજબ મોટા દેવળિયા ગામે શીમાડાવાળા વિસ્તાર તરીકે ઓળખાતા ખેતી વિષયક જમીનો તરફ આવવા જવા માટે વર્ષો જુનો આઝાદી પહેલા નો ગાડા માર્ગ આવેલો છે અને આ રસ્તો બંધ કરવા અને અહી થી ચાલતા ખેડુતો ને ચાલતા અટકાવવા માટે વન તંત્ર દ્વારા પોલીસ કેસ કરવા વારંવાર ધમકી ઓ મળી રહી છે ગ્રામ્ય ખેડુતો ના જણાવ્યા મુજબ આઝાદી પહેલા નો ગાડા માર્ગ એકા એક વનતંત્ર બંધ કરવા માગી રહ્યું છે તેથી નાયબ કલેકટર સમક્ષ રજુઆત માં આ વિસ્તાર ના ખેડુતો ના હાલવા ચાલવા ના જુના નીમ કરેલા રસ્તા ના નકશા મુજબ યોગ્ય કરવા માગ ઉઠાવી છે

મોટા દેવળિયા વિસ્તાર ના સામાજિક આગેવાન દિલીપભાઈ સનુરા ના જણાવ્યા મુજબ વન વિસ્તાર માં તંત્ર ની મિલીભગત ના કારણે પવનચક્કી ના યુનિટો દ્વારા પ્રતિબંધિત જમીનો માં અનેક વીજપોલ ઉભા કરી દેવાયા છે અને તેવા દબાણો હટાવવા ના બદલે ખેડુતો ને હેરાન પરેશાન કરવા માં આવે છે જેથી આવનારા દિવસો માં મોટાદેવળિયા સહિત ના ગ્રામ્ય વિસ્તાર ના પ્રતિબંધિત રીઝર્વ ફોરેસ્ટ જમીનો ના નકશા મંગાવી તેમાં થયેલા દબાણો હટાવવા માટે નામદાર કોર્ટ સહિત ઉચ્ચ કક્ષા રજુઆત કરવા પણ તૈયારી હાથ ધરવા માં આવી છે

# ૯ બાકીદારોની મિલ્કત સીલ કરતુ મનપા

રાજકોટ, તા.૩૦

રાજકોટ મનપાના કમિશ્નરની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત ૯-મિલ્કતોને સીલ મારેલ તથા ૧૨-મિલ્કતોને સીલની કાર્યવાહી કરતા, ૫-યુનિટની નોટીસ સામે રીકવરી થયેલ, ૧-નળ કનેકશન કપાત થતા રીકવરી થયેલ, ૨-નળ કનેકશન કપાત કરવા ઉપરાંત કુલ રૂા.૪૮.૯૯ લાખની રીકવરી કરાઈ છે.

આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી, આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ, સિધ્ધાર્થ પંડયા, ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર, તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સ્પેકટરો દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# ભરૂડી ટોલ પ્લાઝા પર ટ્રાફિક પોલીસ તથા ટોલ પ્લાઝા દ્વારા ફ્રી ચશ્મા વિતરણ તેમજ વિનામૂલ્યે ચેકઅપનું આયોજન કરાયું



(હરેશ ભાલીયા દ્વારા)

જેતપુર તા.૩૦:

રાજકોટ જેતપુર હાઇવે પર ભરૂડી ટોલ પ્લાઝા ઉપર હાઇવે ટ્રાફિક પોલીસ દ્વારા માર્ગ સલામતિ માસ અંતર્ગત ડી.એસ.પી હિમકર સિંહના માર્ગદર્શન મુજબ હાઇવે ઉપર પસાર થતા વાહન ચાલકોનું તેમજ લોકોનું વિના મુલ્યે આંખ નિદાન ચેકઅપ કેમ્પનું આયોજન તથા રોડ સલામતી અને ટ્રાફિક નિયમનના પાલન માટે અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેમાં આંખોના ડોકટરોની ટીમને સાથે રાખીને આંખ નિદાન કેમ્પમાં વાહન ચાલકોને ફ્રી ચશ્માં વિતરણ કરવામાં આવ્યા હતા, સાથે સાથે રાજકોટ જિલ્લાના ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચાલકોમાં ટ્રાફિક નિયમનની જાગૃતતા આવે તે માટે ટ્રાફિક નિયમન અને રોડ સલામતી માટે ટ્રાફિક નીયમનના પેમ્પલેટ વહેંચી અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જીલ્લા ટ્રાફિક પોલીસ શાખાના રાજકોટ ગ્રામ્ય ટ્રાફિક પીએસઆઈ એચ.જે.જાની તેમજ પીએસઆઇ એસ.ડી.રાણા તથા પીએસઆઇ ચુડાસમા તથા રાજકોટ જિલ્લા ટ્રાફિક શાખા પોલીસ સ્ટાફ તથા પોલીસ સ્ટાફના સંયુક્ત ઉપક્રમે સાથે મળીને કાર્યક્રમનું આયોજન કરેલ હતું, આ કાર્યક્રમમાં લોકોને વાહનચલાવતી વખતે સવચેતી દાખવતા સૂચનો કરાયા અને માર્ગદર્શન અપાયું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભરૂડી ટોલપ્લાઝાના પ્રોજેકટ હેડ હસમુખભાઈ ગઢવી, ટોલ પ્લાઝા મેનેજર સુરેશભાઈ વાણવી, અને ધીરેન મકવાણા તેમજ પીઠડીયા પ્લાઝા મેનેજર સત્યજીત મિશ્રા તેમજ મેનેજમેન્ટ સ્ટાફ તેમજ રાજકોટ જિલ્લા ટ્રાફિક પોલીસ સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# સોમનાથ તીર્થના મંદિરોમાં કરાશે વસંત પર્વના વધામણા



(ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ, તા.૩૦

ઋતુરાજ વસંતના મહાપર્વ વસંતપંચમીના આગમનને વધાવવા સોમનાથ-પ્રભાસપાટણમાં દેવમંદિરો-હવેલીઓ અલૌકિક દિવ્ય ભકિતભર્યો ઉત્સાહ છે. સોમનાથમાં આવેલ દૈત્યસુદન ભગવાનના દિવ્ય મંદિરનો પાટોત્સવ પણ વસંતપંચમીએ વસંતથી છે ક ફાગણ સુદ પુનમ સુધી દૈત્યસુદન ભગવાનને શ્વેત વસ્ત્ર શણગારના સુશોભન કરાયા છે અને બપોરના રાજભોગ ધરાવી અબીલ, ગુલાલ અને કેસુડાના રંગથી ખેલવવામાં આવે છે.

સાંજે કુંજ ભરાય છે એટલે કે કેસુડા, આંબાના મોર, ખજુર અને ધાણી ફગવા ચાંદીના કળશમાં ધરાય છે. આમ છે ક હોળી-ધૂળેટી સુધી વસંતોત્સવ મનાવવામાં આવે છે અને ચાંદીની કટોરીમાં કેસર, કેસુડા અને સુગંધિત દ્રવ્યનો છંટકાવ કરી ભગવાનના શ્વેત વસ્ત્રો ઉપર ગુલાલના છાંટણા કરવામાં આવે છે.

સરસ્વતિ માતાજીના મંદિરો ગુજરાતમાં બહુ જ ઓછા જોવા મળે છે. જૂનાગઢમાં પણ સરસ્વતિ માતાના મંદિરો આવેલા છે.

ગેટ-વે..ઓફ..સમર..ના આગમનથી છડી પુકારતા આ પર્વને આવકારવા સોમનાથ અને ગીરના કેસુડાના વૃક્ષો અને અન્ય વૃક્ષો નવપલ્લવિત થઈ રહ્યા છે. સંગીત સાધના હવે લુપ્ત થઈ છે પરંતુ સુર સાધનાના સ્મરણો હજુયે લોકો સ્મરે છે.

# જુનાગઢ બહાઉદીન કોલેજમાં યોજાઈ દેશભકિત ગીત સ્પર્ધા



જુનાગઢ, તા.૩૦

બહાઉદીન સરકારી વિનયન કોલેજ જૂનાગઢ સપ્તધારાની ગીત સંગીત-નૃત્ય ધારા અંતર્ગત કોલેજના મધ્યસ્થખંડમાં દેશભક્તિ ગીત સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કુલ ૧૦ સ્પર્ધકે ભાગ લીધો હતો. પ્રિન્સિપાલ ડો.જે.આર.વાંઝાની પ્રેરણાત્મક ઉપસ્થિત રહી હતી. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા.ડો.ગૌરાંગ જાની પ્રા.ડો.કાજલ નકુમ, પ્રા.ડો.ચંદ્રકાંત વણકરે સેવાઓ આપી હતી. આ કાર્યક્રમનુ સંચાલન પ્રા.ડો.હાર્દિક રાજ્યગુરૂએ કર્યુ હતુ. ગીત સંગીત નૃત્ય ધારાના અધ્યક્ષ પ્રા.ડો.ધવલ ચાવડાએ ભારે જહેમત ઉઠાવીને કાર્યક્રમનુ આયોજન કર્યું હતુ. આ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓમાં પ્રથમ રાઠોડ નિરવ જે., દ્વિતિય મોરી પ્રીતિ જે., તૃતિય રાઠોડ આરતી એલ.નો સમાવેશ થાય છે. સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

# નમ્રતાગ્રીન ફાઉન્ડેશન રાજકોટ અને ગ્રીન ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ ખાંભાના સંયુક્ત ઉપક્રમે સમુહ લગ્નોત્સવ સંપન્ન



રાજકોટ તા.૩૦:

નમ્રતાગીન ફાઉન્ડેશન રાજકોટ થતા ગ્રીન ચેરિટેબલ ટ્રસ્ટ ખાંભાના સંયુકત ઉપક્રમે પ્રથમ સર્વ જ્ઞાતિ સમુહલગ્નોત્સવ રાજકોટ બી ડિવિઝન પાસે સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓ, સેવકોની ઉપસ્થિતિમાં ભારે ઉમંગ અને ઉત્સાહ વચ્ચે સંપન્ન થયો.દરેક મા-બાપનું સપનું હોય કે તેમને પોતાની વહાલ દીકરીને વાંચતે ગાજતે પરણાવે. પરંતુ કેટલાક મા બાપના આ સપનાઓ વર્તમાન સમયની મોંઘવારીના ભાર નીચે દબાઈ જતા હોય છે. આવા માવતરનો સહારો બની સવંત ૨૦૮૧ પોષવદ ૧૩ ને સોમવાર તા. ૨૭/૦૧/૨૦૨૫ ના રોજ રાજકોટ બી.સીવીઝન ખાતે પ્રથમ સર્વ જ્ઞાતિ સમુહલગ્નોત્સવ હિન્દુ શાસ્ત્રોકત વૈદિક વિધાન અને મંત્રોચ્ચારથી સંપન્ન થયો. રાજકોટ, જસદણ, વાંકાનેર, ચોટીલા, પીઠાપુર (યું.પી.) ઉપલેટા સહિતના ૬ નવદંપતીએ લગ્નરૂપી નાવમાં સવાર થઈ ભવસાગર પાર ઉતારવા પ્રયાણ કર્યું હતું.સોમવારના સવારે ૮૦૦ કલાકે વરવધુ, સાંજનમાંજન, માંડવીયા અને જાનૈયાઓનું વાજતે ગાજતે સ્વાગત કરવામાં આવ્યું હતું. સુરીલા લગ્ન ગીતોની રમઝટ વચ્ચે સવારે ૧૦૦૦ વાગ્યાની મંગલ ઘડીએ વર-કન્યાઓ ના હસ્તમેળાપ યોજાયા હતા.

આ સર્વ જ્ઞાતિય સમૂહલગ્નમાં દાતાશ્રીઓ, મુખ્ય અતિથિઓમાં ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, ઋષિભાઈ પંડ્યા, સ્વ.અમૃતાબેન નડિયાપરા વતી શ્રી પ્રફુલભાઈ નડિયાપરા, મોહનભાઈ રાખસિયા, ભારત ગેસ એજન્સી અમૃતભાઈ મૂંગરા, રાજેન્દ્રભાઈ રાણપરા, સ્વ. સવિતાબેન કાપડીયા, હરેશભાઈ અમૃતીયા, વિરપાલસિંહ ઝાલા, જયપાલભાઈ બેલડીયા, લક્ષ્મીબેન મીશ્રા, મીનટુભાઈ ભુવા, વિનુભાઈ દુરગિયા (વાત્સલ્ય સમાચાર), હિરેનભાઈ ચૌહાણ, કમલેશભાઈ ચાંપાનેરી, અશોકભાઈ જોશી, હિતેશભાઈ ભુવા, સુભાષભાઈ વધાસિયા, જયેશભાઈ ઉપાધ્યાય (બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ), ડો. સ્નેહલ તન્ના, મિસ્ટર ચીમનીવાલા, મીરાબેન ચુડાસમા, આનંદસિંહ ઠાકોર, પૃથ્વીસિંહ રાણા, જયેશભાઈ લીંબાસિયા, વજુભાઇ મારડીયા, અંકુરભાઈ પરસાણીયા, ડો. વિરમભાઈ ગોઢાણીયા - પોરબંદર, પત્રકાર વિરમભાઈ આગઠ - ગોસાઘેડ, પરિનભાઈ પટેલ, એપલબેસન, ભારતીબેન રાવલ, ભરતભાઈ (શ્રીનાથજી એન્ટરપ્રાઈઝ), શ્રી પાઇપ એન્ડ ફિટિંગ રામણિકભાઈ કાપડિયા, પૂર્વ કચ્છ પત્રકાર સંઘ, કામલેશભાઈ પાટડીયા વગેરે તરફથી પૂરતો સાથ સહકાર મળ્યો હતો.. રૂડા અવસર પ્રસંગે રાજકોટ પ્રેસ મીડિયા જગતના શ્રી સંદીપભાઈ, પરેશભાઈ, ફિરોજભાઈ, મનીષભાઈ, તેજસભાઈ, રાજુભાઈ, મયુરભાઈ, પંકજભાઈ વગેરે મિત્રોએ હાજરી આપી નવદંપતીને શુભેચ્છા પાઠવી હતી.

આ આયોજનને સફળ બનાવવા મહેન્દ્ર આયલાણી, કરસનભાઈ રાઠોડ, કમલેશભાઈ પાટડીયા, શનિભાઈ રાઠોડ, વિક્રમભાઈ પરમાર, ફિરોઝભાઈ ચૌહાણ, ફેનીલભાઈ અમૃતિયા, રાજુભાઇ વાળા, વિનુભાઈ ચાવડા, રમેશભાઈ માંડવિયા, રસિકભાઈ દેવેરા, ભાવિકભાઈ કળસરિયા, અમરીશભાઈ જોશી, હિરેનભાઈ ટાંક, પરેશભાઈ મુલિયા વગેરેએ ભારે જહેમમ ઉઠાવી કાર્યક્રમને દીપાવ્યો હતો.

# રાજકોટ મનપાની વોર્ડ ઓફીસો ખાતે શનિવારથી વિનામૂલ્યે કેલેન્ડર વિતરણ

## ચાલુ નાણાંકિય વર્ષનો મિલ્કત વેરો ભર્યાનો આધાર રજૂ કર્યે કેલેન્ડર મળશે

રાજકોટ, તા.૩૦

રાજકોટ મનપા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ વોલ કેલેન્ડર વોર્ડ નં.૧ થી ૧૮ ની મુખ્ય વોર્ડ ઓફીસ ખાતે કચેરી કામકાજના સમય દરમ્યાન નાગરિકો માટે વિનામૂલ્યે વિતરણ કરાશે.

વધુમાં રાજકોટ મનપાના મેયર નયના પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેનિડંગ કમીટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષ રાડીયાએ જણાવ્યુ હતુ કે, રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે પ્રસિધ્ધ થતા વોલ કેલેન્ડરની માફક રાજકોટ મનપા દ્વારા પણ પ્રથમ વખત વોલ કેલેન્ડર તૈયાર કરવામાં આવેલ છે. આ કેલેન્ડરમાં રાજકોટ મનપાના વિવિધ પ્રોજેક્ટસ, કાર્યક્રમો વિગેરે માહિતીસભર વિગતો દર્શાવવામાં આવેલ છે. આ કેલેન્ડર રાજકોટ મનપાની વોર્ડ નં.૧ થી ૧૮ ની મુખ્ય વોર્ડ ઓફીસ ખાતેથી તબક્કાવાર ઉપલબ્ધ જથ્થા મુજબ વોર્ડના મિલ્કતધારકોને વિનામૂલ્યે વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવામાં આવનાર છે. આ કેલેન્ડર ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ નો સંપૂર્ણ મિલકતવેરો ભરપાઈ કરેલ હશે તે મિલકતધારકોને વિનામુલ્યે લગત વોર્ડની ઓફીસ ખાતેથી તા.૧/૨/૨૦૨૫ થી વિતરણ કરવામાં આવનાર છે.

# ખંભાળીયામાં વિકાસને અવરોધક દબાણકર્તાઓને ન.પા.ની નોટીસ

(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૩૦

દેવભૂમી દ્વારકા જીલ્લાના વડામથક ખંભાળીયામાં વિકાસને અવરોધક જમીન દબાણ દુર કરવામાં આવશે અને લગભગ ૨૫ જેટલા આસામીઓને નોટીસ પણ ફટકારવામાં આવેલ છે. ખંભાળીયામાં ન.પા. અનેક વિકાસ કામ કરે છે ત્યારે અત્રેના ચાર રસ્તા, પોરબંદર રોડ એરીયામાં હાથ ધરવાની થતી વિવિધ કામગીરી વચ્ચે નડતરરૂપ દબાણ દૂર કરવા જે તે આસામીને નગરપાલીકા દ્વારા નોટીસ આપવામાં આવી છે ત્યારે અમુક લોકોએ સ્વેચ્છાએ દબાણ દૂર કરેલ છે. જો દબાણ કરનારા સ્વેચ્છાએ દબાણ દૂર કરવામાં નહિં આવે તો ખંભાળીયા નગરપાલીકા દ્વારા બુલડોઝર ફેરવી દેવામાં આવશે.

# સરકાર ટેકાના ભાવે ખેડૂતો પાસેથી તુવેર ખરીદ કરશે

## ૨૦૬ કેન્દ્રો પર ખરીદી થશે, તા.૨ ફેબ્રુ.થી તા.૨૩ ફેબ્રુઆરી દરમ્યાન નોંધણી થશે

રાજકોટ, તા.૩૦સ્રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી તેમના ખેત ઉત્પાદનો લઘુતમ ટેકાના ભાવે જુદા જુદા સ્થળોએ નિયત કરાયેલ કેન્દ્રો ખાતે કરવામાં આવે છે. ખેડૂતો દ્વારા ઉત્પાદિત કરાયેલ તુવેરની ખરીદી રાજ્યમાં ૨૦૬ કેન્દ્રો ખાતે રૂા.૭૫૫૦ ના ભાવથી સરકાર ખરીદશે તેવી જાહેરાત કૃષિ મંત્રી દ્વારા કરવામાં આવેલ છે.

ટેકાના ભાવે ખેડૂતો પાસેથી તુવેર ખરીદી પ્રક્રિયાનો પ્રારંભ તા.૨ ફેબ્રુઆરીથી સરકારના પોર્ટલ પર નોંધણી કરાવવાનો પ્રારંભ થશે. તા.૨૩ સુધી નોંધણી પ્રક્રિયા ચાલુ રહેશે.

# વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ દ્વારા પેશન્ટ સેફ્ટી વીકની ઉજવણી

રાજકોટ તા.૩૦: વોકહાર્ટ ગ્રુપ હોસ્પિટલ્સ તેની પેશન્ટ સેફ્ટી વીક પહેલ શરૂ કરવાની જાહેરાત કરતાં ગર્વ અનુભવે છે, આ એક ડેડીકેટેડ અને સપ્તાહભર ચાલનાર કેમ્પેઇન છે જે રેપિડ રિસ્પોન્સ ટીમ્સ (), હાઈ એલર્ટ મેડિકેશન્સ અને શ્રેષ્ઠ પેશન્ટ કેર પહોંચાડવામાં મેડિકલ રીકન્સીલિએશનની મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ વિશે જાગૃતિ વધારવા પર કેન્દ્રિત છે. પેશન્ટ સેફ્ટી પ્રોટોકોલ અને પ્રેક્ટિસની શ્રેષ્ઠ સમજણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે આ પહેલ મુંબઈ સેન્ટ્રલ, મીરા રોડ, નાગપુર અને રાજકોટ સહિત તમામ વોકહાર્ટ હોસ્પિટલના સ્થાનોમાંથી હેલ્થકેર પ્રોફેશનલ્સને એકસાથે લાવશે.

સમગ્ર સપ્તાહ દરમિયાન, વોકહાર્ટ શિક્ષણ અને પ્રેરણા આપવા માટે વિવિધ આકર્ષક પ્રવૃત્તિઓનું આયોજન કરશે સ્લોગન રાઈટિંગ કોમ્પીટીશન સ્ટાફ પ્રભાવશાળી સ્લોગન બનાવશે જે દર્દીની સુરક્ષાના મહત્વ પર ભાર મૂકે છે. ક્વિઝ કોમ્પિટિશન એક મનોરંજક અને માહિતીપ્રદ ક્વિઝ અને હાઈ એલર્ટ મેડિકેશન્સ સંબંધિત મુખ્ય પેશન્ટ સેફ્ટી પ્રોટોકોલ્સ વિશે સ્ટાફની સમજણનું પરીક્ષણ કરશે. વર્કશોપ્સ અને ટીમ-બિલ્ડિંગ એક્ટિવિટીઝ ઇન્ટરેક્ટિવ સેશન્સ સહયોગને પ્રોત્સાહન આપશે .

વોકહાર્ટ હોસ્પિટલ્સના મેનેજિંગ ડાયરેક્ટર શ્રીમતી ઝહાબિયા ખોરાકીવાલાએ પહેલના મહત્વ પર ભાર મૂક્યો ''અમે વોકહાર્ટમાં જે કંઈ કરીએ છીએ તેમાં દર્દીની સલામતી મુખ્ય છે. પેશન્ટ સેફ્ટી વીક એ માત્ર અમારા સ્ટાફને શિક્ષિત કરવા વિશે જ નથી - તે જટિલ પરિસ્થિતિઓને ચોકસાઈ અને આત્મવિશ્વાસ સાથે પ્રતિસાદ આપવાની અમારી ક્ષમતાને મજબૂત કરવા વિશે પણ છે. આ પહેલ અમારા દર્દીઓને ઉચ્ચ ગુણવત્તાની સંભાળ પૂરી પાડવાની અમારી પ્રતિબદ્ધતાને વધુ સમર્થન આપે છે.''

# જેકે સિમેન્ટ લિ. અને જીએમડીસીએ ગુજરાતમાં લાઈમસ્ટોન રિઝર્વ માટે લાંબા ગાળાનું જોડાણ કર્યું

રાજકોટ તા.૩૦: અગ્રણી બિલ્ડીંગ મટિરિયલ્સ કંપનીઓમાંની એક, જેકે સિમેન્ટ લિમિટેડે ગુજરાતના કચ્છના લખપત તાલુકાના પુનરાજપુરમાં આગામી ૪૦ વર્ષ માટે ૨૫૦ મિલિયન ટન ઉચ્ચ ગુણવત્તાયુક્ત ચૂનાના પત્થરોના અનામત જથ્થા માટે સફળ બિડની જાહેરાત કરી છે, આ માટેની રિક્વેસ્ટ ફોર પ્રપોઝલ ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા મૂકવામાં આવી હતી. જેકે સિમેન્ટ માટે આ એક વ્યૂહાત્મક સીમાચિહ્ન છે તેમજ ગુજરાતમાં તેના વિકાસના માર્ગ અને કામગીરીની ઉપસ્થિતિને વધુ મજબૂત બનાવે છે.

આ પહેલ અંગે જેકે સિમેન્ટ લિમિટેડના ગ્રુપ પ્રેસિડેન્ટ - ગ્રુપ સ્ટ્રેટેજી એન્ડ ન્યુ બિઝનેસ ડેવલપમેન્ટ, શ્રી અમિત કોઠારીએ જણાવ્યું હતું કે ''લખપત લાઇમસ્ટોન બ્લોક માટેની સફળ બિડ ગુજરાતમાં વૃદ્ધિ અને ઓપરેશનલ શ્રેષ્ઠતા માટે અમારી પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. આ વ્યૂહાત્મક ભાગીદારી માત્ર અમારા સંસાધનના આધારને જ મજબૂત નથી બનાવતી, પરંતુ ઉચ્ચ-ગુણવત્તાવાળા સિમેન્ટના ઉત્પાદન માટે પ્રીમિયમ કાચા માલના સતત પુરવઠાને સુનિશ્ચિત કરવા પર અમારા ધ્યાનને પણ પ્રકાશિત કરે છે. વધુમાં, આ સીમાચિહ્ન ટકાઉ વિકાસના અમારા વિઝન સાથે સંરેખિત છે, જે અમને ગુજરાતની ઔદ્યોગિક ઇકોસિસ્ટમ અને આર્થિક વૃદ્ધિમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે સક્ષમ બનાવે છે.''

# રાજકોટમાં તા.૮ અને ૯ ફેબ્રુઆરીના રોજ બે દિવસીય મિલેટ મહોત્સવ યોજાશે

રાજકોટ તા. ૩૦: રાજ્યમાં મિલેટ અંગે ખેડૂતો અને નાગરિકોમાં વ્યાપક જન જાગૃતિ અર્થે મિલેટ પ્રોડક્ટ્સના પ્રદર્શન સહ વેચાણાર્થે આગામી તા. ૮ અને ૯ ફેબ્રુઆરીના રોજ બે દિવસીય અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, જામનગર, ગાંધીનગર અને રાજકોટ મહાનગર ખાતે ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ દ્વારા મિલેટ મહોત્સવ-૨૦૨૫ નું આયોજન કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા ખાતે મ્યુનિસિપલ કમિશનર શ્રી તુષાર સુમેરાનાં અધ્યક્ષસ્થાને જિલ્લા વિકાસ અધિકારી શ્રી (ઇન્ચાર્જ) એ.કે. વસ્તાણીની ઉપસ્થિતમાં મિલેટ એક્સ્પોના આયોજન અર્થે ખાસ બેઠક યોજાઈ હતી.

મિલેટ સ્વાસ્થ્યપ્રદ અને મિનરલ્સ અને વિટામિન્સથી ભરપૂર હોઈ છે, રોજબરોજના જીવનમાં મિલેટ વાનગીઓને વણી લેવામાં આવે, બાળકોના નાસ્તા અને યુવાનો પણ મીલેટ્સ વાનગીઓ પ્રત્યે આકર્ષિત થાય તે રીતે બહોળો પ્રચાર-પ્રસાર કરવા અને મેળાનું ખાસ આકર્ષણ બને તે માટે કમિશનર શ્રી તુષાર સુમેરાએ ઉપસ્થિત અધિકારીશ્રીઓને સૂચન કર્યું હતું.

આ તકે જિલ્લા વિકાસ અધિકારી શ્રી એ.કે. વસ્તાણીએ મિલેટ મહોત્સવમાં કૃષિ વિભાગ સહીત જુદા જુદા વિભાગ દ્વારા સંકલનમાં વિવિધ કાર્યક્રમના સુચારુ આયોજન માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેઓએ કાર્યક્રમો અંગે માહિતી આપતા જણાવ્યું હતુ કે, મિલેટ મહોત્સવમાં રાગી, કાંગ, કોદરી, ઝંગોરી, જુવાર બાજરી જેવી પ્રોડ્ક્ટ્સનું પ્રદર્શન કમ વેચાણ હાથ ધરવામાં આવશે. જયારે લોકો મિલેટમાંથી બનતી વાનગીઓથી અવગત થઈ શકે તે માટે લાઈવ ફૂડ સ્ટોલનું પણ આયોજન કરવામાં આવશે. મિલેટ પકવતા અને નેચરલ ફાર્મીંગ કરતા ખેડૂતો, ખેડૂતો સાથે સંકળાયેલા એન.જી.ઓ. શહેરીજનોને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ તકે નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી હર્ષદ પટેલ, કૃષિ અધિકારી શ્રી તૃપ્તિબેન સહીત મહાનગરપાલિકા અને સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે રાષ્ટ્રીય શહીદ દિવસ નિમિત્તે બે મિનિટનું મૌન પળાયું

## અધિકારીઓ-કર્મચારીઓએ દેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદ વીરોને સ્મરણાંજલિ અર્પણ કરી



રાજકોટ તા. ૩૦:ભારતમાં દર વર્ષે તા. ૩૦મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિ નિમિત્તે અંગ્રેજી શાસન સામે સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણનું બલિદાન આપનારા શહીદ વીરોની સ્મૃતિમાં રાષ્ટ્રીય શહીદ દિવસ ઉજવવામાં આવે છે. જે અન્વયે પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે સંયુક્ત માહિતી નિયામકશ્રી મિતેષભાઈ મોડાસીયાની અધ્યક્ષતામાં સવારે ૧૧ કલાકે બે મિનિટનું મૌન પાળીને દેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદ વીરોને સ્મરણાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ તકે સહાયક માહિતી નિયામકો શ્રી રાધિકાબેન વ્યાસ, શ્રી પ્રિયંકાબેન પરમાર અને શ્રી પારૂલબેન આડેસરા સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સોમનાથ : મફત કાનુની સહાય જાગૃતિ કેન્દ્રનું આજે ઉદઘાટન

(ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ, તા.૩૦ વિશ્વ પ્રસિદ્ધ સોમનાથ મહાદેવ મંદિરે દેશ-વિદેશના યાત્રિકો પ્રવાસીઓ અને આસપાસના જીલ્લાઓ અને ગામડાના પ્રજાજનો નિયમીત આવતા રહેતા હોય છે. જેથી લોકોને જાણકારી મળે અને માર્ગદર્શન મળે તથા વિનામુલ્યે મફત કાનુની સહાય મળે તેની જાગૃતિ ફેલાવવા માટે અને ઉપયોગી થાવ માટે આજથી આ કેન્દ્રનો પ્રારંભ થશે.

સોમનાથ ટ્રસ્ટની ઓફિસ સામે આવેલ શોપીંગ સેન્ટરમાંની આ કચેરીનું ઉદઘાટન ડીસ્ટ્રીકટ જજ તથા જીલ્લા સેવા કાનુની સેવા સત્તા મંડળના ચેરમેન પી.એસ.ગઢવીના વરદ હસ્તે સવારે ૯.૧૧ વાગ્યે કચેરીનુ ઉદઘાટન કરવામાં આવશે.

# દીવ : શહિદ દિવસે પ્રશાસન દ્વારા બે મિનિટનું મૌન પાળ્યું



(શકીલ કાશમાણી દ્વારા)

દીવ, તા.૩૦ ગાંધી નિવાર્ણ દિવસ તરીકે ઓળખાય છે મહાત્મા ગાંધીના સન્માન અને ભારતીય શહીદોને શ્રદ્ધાંજલી અર્પિત કરવાના ઉદેશથી રાષ્ટ્રીય સ્તરે શહીદ દિવસ તરીકે ઉજવાય છે. જેથી દીવ કલેકટરેટ કચેરી અને મામલતદાર કચેરીમાં સવારે ૧૧ વાગ્યે શહીદોની યાદમાં બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું હતુ. સ્વતંત્ર સૈનિકોની બહાદુરી અને બલિદાનના સન્માનમાં શહીદ દિવસ એક મહત્વપૂર્ણ અવસર છે જે ભાવિ પેઢીને પણ પ્રેરિત કરે છે.

# રાજકોટ : મુળ માલિકે ભાડે આપેલા ૧૦ આવાસો સીલ કરતુ મનપા

રાજકોટ, તા.૩૦ રાજકોટ મનપા દ્વારા વિવિધ યોજના અંતર્ગત અલગ અલગ સ્થળો પર આવાસો બનાવવામાં આવેલ છે. જે પૈકી લોકમાન્ય તિલક ટાઉનશીપ-જુના મોરબી રોડ પાસે, ઉધમસિંહ ટાઉનશીપ-કુવાડવા રોડ, લક્ષ્મણ ટાઉનશીપ, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે આવેલ આવાસ યોજનામાં અત્રેથી ફિલ્ડટીમ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવેલ. જે અન્વયે મૂળ લાભાર્થીના સ્થાને ભાડુઆત રહેતા હોવાનુ માલુમ પડેલ હોય તેવા રાજકોટ મનપા, આવાસ યોજના વિભાગ દ્વારા સીલ કરવામાં આવેલ છે.

# ઓખા અદાલતના પટાંગણમાંથી મળેલ કાગળો મૂળ માલીકને કરાયા પરત



(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૩૦ દેવભૂમી દ્વારકા જીલ્લા સ્થિત ઓખા અદાલતના પટાંગણમાંથી અગત્યના કાગળો મળી આવેલ જે પરત કરતા વિદ્યાર્થીના વાલી દ્વારા આભાર માનવામાં આવેલ હતો. વિગત મુજબ ઓખાની કોર્ટ કમ્પાઉન્ડમાંથી સ્કુલ ફીની રીસીપ્ટ તેમજ સ્કુલના અગત્યના કાગળો મળી આવેલ જે ઓખા કોર્ટના રજીસ્ટ્રાર, તાલુકા કાનૂની સેવા સમીતીના સુપ્રી. તેમજ પીએલવી ઈશીકાબેને રીસીપ્ટ બુક આધારે સ્કુલમાં ફોન કરીને વિદ્યાર્થી ઉમંગભાઈના માતા ભાવનાબેનનો સંપર્ક કરી તમામ કાગળો સોંપતા વિદ્યાર્થીના વાલીઓ આ સરાહનીય કામની પ્રશંસા કરી આભાર માન્યો હતો.

# દીવ કેન્દ્રીય વિદ્યાલયમાં મોકડ્રીલ યોજાઈ



(શકીલ કાશમાણી દ્વારા)

દીવ, તા.૩૦ દીવ ફાયર વિભાગના આસિ.ફાયર ઓફિસર પંકજ માહયાવંશીના નેતૃત્વમાં કેન્દ્રીય વિદ્યાલયમાં મોકડ્રીલ યોજાઈ હતી.

આ મોકડ્રીલમાં આગ લાગે ત્યારે શું કરવુ કે જેથી આગથી ઓછામાં ઓછું નુકશાન થાય. આગથી સુરક્ષીત રહેવા શું કરવુ અને આગ જેવી દુર્ઘટના ન બને તે માટે શું કાળજી લેવી તેવી તમામ માહિતીની સમજૂતિ આપવામાં આવી હતી.

આ મોકડ્રીલમાં તુષાર લોખડે, પંકજ સીકોતરીયા, લલિતકુમાર મકવાણાએ ડેમો કરી વિદ્યાર્થીઓને સાવચેતી રાખી શકાય તેનુ જ્ઞાન આપ્યું હતુ.

# ખેલ મહાકુંભ કરાટે સ્પર્ધામાં તપોવન સ્કૂલની ભાગ્યશ્રી દ્વિતિય

રાજકોટ, તા.૩૦ તાજેતરમાં યોજાયેલ ખેલમહાકુંભ કરાટે સ્પર્ધામાં તપોવન સ્કૂલની વિદ્યાર્થીની ઝાલા ભાગ્યશ્રીએ અંડર-૧૭ વર્ષ ગર્લ્સ (વજન ગ્રુપ ૬૮-કિ.ગ્રા.)ની કેટેગરીમાં દ્વિતીય સ્થાન મેળવી રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ છે. તેમની આ સિધ્ધી બદલ શાળાના મેનેજીંગ ટ્રસ્ટી પુષ્કરભાઈ



રાવલે તેમજ શાળા પરિવારે તેમની આ સિધ્ધીને બિરદાવેલ છે.

### ૧૬ ફેબ્રુઆરીએ

# લાહોરમાં ચેમ્પિયન્સ ટ્રોફીનો ઉદ્ઘાટન સમારોહ

નવીદિલ્હી,તા.૩૦ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદના સહયોગથી ૧૬ ફેબ્રુઆરીએ લાહોરમાં આગામી ચેમ્પિયન્સ ટ્રોફીનો ઉદ્ઘાટન સમારોહ યોજશે. જોકે, રોહિત શર્મા તેમાં હાજરી આપશે કે નહીં તે અંગે હજુ પણ શંકા છે. રિપોર્ટ્સ અનુસાર, બીસીસીઆઈ રોહિતને લાહોર નહીં મોકલે. તે જ સમયે આઈસીસી અને પીસીબીએ હજુ સુધી પુષ્ટિ કરી નથી કે ભારતીય કેપ્ટન રોહિત શર્મા પ્રેસ કોન્ફરન્સ અને ફોટોશૂટ માટે લાહોર આવશે કે નહીં. આવી સ્થિતિમાં, એ જોવું રસપ્રદ રહેશે કે જો રોહિત નહીં જાય તો તેની ગેરહાજરીમાં ઉદ્ઘાટન સમારોહ કેવી રીતે યોજાશે. પીસીબીના એક સૂત્રએ જણાવ્યું હતું કે ચેરમેન મોહસીન નકવીએ ૧૯ ફેબ્રુઆરીએ કરાચીના નેશનલ સ્ટેડિયમમાં પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચેની પ્રથમ મેચ પહેલા સુનિશ્ચિત કાર્યક્રમોની યાદીને મંજૂરી આપી હતી.પીસીબી ૭ ફેબ્રુઆરીના રોજ નવીનીકરણ કરાયેલ ગદ્દાફી સ્ટેડિયમનું સત્તાવાર ઉદ્ઘાટન કરશે, જેના માટે વડા પ્રધાન શાહબાઝ શરીફને મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે. પીસીબી ૧૧ ફેબ્રુઆરીએ કરાચીમાં એક સમારોહમાં નવીનીકૃત નેશનલ સ્ટેડિયમનું પણ ઉદ્ઘાટન કરશે જ્યાં રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે. સૂત્રએ જણાવ્યું હતું કે પીસીબી અને આઈસીસી કેપ્ટનોની પ્રેસ કોન્ફરન્સ અને ફોટોશૂટના શેડ્યૂલ પર પણ કામ કરી રહ્યા છે, જે ૧૬ ફેબ્રુઆરીએ લાહોરમાં યોજાવાની શક્યતા છે. ઉદ્ઘાટન સમારોહ ઐતિહાસિક લાહોર કિલ્લાના હુઝુરી બાગ ખાતે યોજાવાનો છે જેમાં વિવિધ બોર્ડના અધિકારીઓ, સેલિબ્રિટીઓ, રમતગમતના દિગ્ગજો અને સરકારી અધિકારીઓને આમંત્રિત કરવામાં આવશે.

### વેવાઈ-વેવાણ પ્રેમપ્રકરણ

# વિરમગામમાં શિક્ષકની હત્યાના ત્રણ આરોપીની ધરપકડ કરાઈ

અમદાવાદ, તા.૩૦ અમદાવાદના વિરમગામમાં વેવાઈ-વેવાણના પ્રેમપ્રકરણમાં શિક્ષકની હત્યા કરવામાં આવી હતી. જેમાં વેવાણ સાથે મૈત્રી કરારમાં રહેતા શિક્ષકની ૨૭ જાન્યુઆરીએ કારમાં આવેલા આરોપીએ લાકડીના ફટકા મારીને હત્યા કરી દેવામાં આવી હતી. સમગ્ર ઘટના મામલે વિરમગામ ટાઉન પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી.

અમદાવાદના વિરમગામમાં વેવાણ સાથે મૈત્રી કરાર કરીને રહેતા શિક્ષક નરેશ ચાવડા (ઉં.વ. ૪૦)ની ૨૭ જાન્યુઆરીની રાત્રે હત્યા કરી દેવામાં આવી હતી. સમગ્ર ઘટનાના સીસીટીવી ફુટેજ વાયરલ થયા હતા. ઘટનાને પગલે વિરમગામ ટાઉન પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસે કલાભાઈ ગોહિલ, અજીત ગોહિલ અને જેસંગ કટારીયાની ધરપકડ કરીને વધુ પૂછપરછ હાથ ધરી. ળતી માહિતી મુજબ, વિરમગામની કે. બી. શાહ સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા નરેશ ચાવડાની દીકરીની સગાઈ શંખેશ્વરના હર્ષાબહેનના દીકરા સાથે દોઢ વર્ષ પહેલા સગાઈ નક્કી કરવામાં આવી હતી. જો કે, આ દરમિયાન નરેશને તેની દીકરીની થનારી સાસુ એટલે કે વેવાણ સાથે પ્રેમસંબંધ થયો હતો. જેને પગલે દીકરીની સગાઈ પણ તૂટી ગઈ હતી. જ્યારે નરેશ છેલ્લા ૭-૮ મહિનાથી વેવાણ સાથે મૈત્રી કરાર કરીને વિરમગામ ખાતે રહેતો હતો. આ અંગે વેવાણના પતિ અને પરિવારજનોને જાણ થઈ હતી. સમગ્ર ઘટનામાં ૨૭ જાન્યુઆરીએ મૈત્રી કરાર કરીને વેવાણ સાથે રહેતા શિક્ષક નરેશ ચાવડા પર હુમલો કરીને હત્યા કરવામાં આવી હતી. આ પછી નરેશ ચાવડાના પિતરાઈ ભાઈ નનુભાઈએ વિરમગામ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં બાંધકામ નિયમો અંગે બિલ્ડર એસો. દ્વારા રજૂઆત

## મ્યુનીસિપલ કમિશ્નરને આવેદન પાઠવી રજૂઆત કરવામાં આવી



(નયના દવે દ્વારા)

જામનગર તા.૩૦: મોરબી જીલ્લા બિલ્ડર્સ એન્ડ લેન્ડ ડેવેલોપર્સ એસોસીએશનના હોદેદારો દ્વારા આજે મહાપાલિકાના મ્યુનીસીપલ કમિશ્નર સાથે રૂબરૂ મુલાકાત કરી મહાપાલિકા વિસ્તારમાં બાંધકામ નિયમો અંગે રજૂઆત કરવામાં આવી હતી

આવેદનમાં બિલ્ડર્સ એસોએ જણાવ્યું છેકે મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં ઓનલાઈન બાંધકામ મંજુરી ઝડપથી તેમજ સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી. મહાપાલિકા વિસ્તારમાં ગામતળ વિસ્તારમાં ૨.૦ તેમજ ગામતળ સિવાયના વિસ્તારમાં ૧.૮ એફ.એસ.આઈ ગુજરાત સરકારના મુજબ હાલ મળે છે તેમાં વધારો કરવામાં આવે જેથી બાંધકામ ઉદ્યોગને વેગ મળી રહે. ગુજરાત સરકારના મુજબ મોરબી હાલ ૪ કેટેગરીમાં આવે છે તેમાં ફેરફાર કરીને ૩ કેટેગરીમાં સમાવવામાં આવે જેથી મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં રાજકોટ, અમદાવાદ, સુરત જેવા શહેરોની જેમ હાઈરાઈઝ બિલ્ડીગનું નિર્માણ થઇ સકે.

નવો ડેવલોપમેન્ટ પ્લાન (ડીપી) ઝડપથી બનાવવામાં આવે જેના પરથી મોરબી મહાનગરપાલિકા વિસ્તારનો ટાઉન પ્લાન બની સકે જેથી મોરબીના નગરજનોને પાયાની સુવિધાઓનો લાભ મળી સકે. કાયમી ટાઉન પ્લાનિંગ અધિકારીની નિમણુક કરવામાં આવે જેથી બાંધકામ ઉદ્યોગને લગતા પ્રશ્નોનો ઝડપથી નિકાલ થઇ સકે. જુના મોરબી શહેરમાં આવેલ દુકાનો કે જેમનું ક્ષેત્રફળ ૨૫ ચોરસ મીટર કરતા ઓછું છે આવી દુકાનોનું બાંધકામ નિયમો મુજબ નવીનીકરણ શકય ન હોય આવા કિસ્સામાં માર્જીનની જગ્યા છોડ્યા વગર +૧ સુધીનું બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવે જેથી જુના શહેરું નવીનીકરણ થઇ સકે તેવી માંગ કરી હતી

# ગોંડલનાં વેરીતળાવમાં પાઈપ લાઈનનાં વાલ્વમાં માથુ ફસાયેલી હાલતમાં અજાણી યુવતીનો મૃતદેહ મળ્યો!

## વિચિત્ર ઘટના અંગે પોલીસે તપાસ હાથ ધરી

(ઋષિકેશ પંડયા દ્વારા)

ગોંડલ તા.૩૦ ગોંડલ વેરીતળાવ માં વિચિત્ર ઘટના બનવા પામીછે.પાઇપ લાઇન નાં વાલ્વમાં માથુ ફસાયેલી હાલત માં યુવતીનો કોહવાયેલો મૃતદેહ મળી આવતા પોલીસે ફોરેન્સિક પીએમ માટે રાજકોટ ખસેડી મૃતક અજાણી યુવતી અંગે તપાસ હાથ ધરીછે.



પ્રાપ્ત વિગત મુજબ વેરીતળાવ માંથી પાણી શહેર ને સપ્લાય થઇ રહ્યુ હોય આજે પાણી ખુબ ઓછુ આવતું હોય વોટરવર્કસ નાં કર્મચારીઓ દ્વારા લાઇન ચેકીંગ કરતા છેક વેરીતળાવે પંહોચ્યા હતા.તળાવમાં રહેલા કોઠામાં જ્યાંથી પાઇપ લાઇન દ્વારા પાણી સાત ટાંકીએ પંહોચતુ હોય કોઠામાં તપાસ કરતા પાઇપ લાઇન નાં વાલ્વમાં માથુ ફસાયેલી હાલત માં યુવતીનો મૃતદેહ નજરે પડતા તુરંત વોટરવર્કસ સુપરવાઇઝર પરેશ રાવલ, વોટરવર્કસ ચેરમેન શૈલેશભાઈ રોકડ, નગરપાલિકા પ્રમુખ અશ્વીનભાઇ રૈયાણી, કારોબારી ચેરમેન ક્રીપાલસિંહ જાડેજાને જાણ કરાતા બધા વેરીતળાવ દોડી ગયા હતા.અને બનાવ અંગે પોલીસ ને જાણ કરી ફાયર બ્રિગેડ સ્ટાફ દ્વારા મૃતદેહ બહાર કાઢી ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો.

આશરે વીસ થી બાવીસ વર્ષ ની લાગતી અજાણી યુવતી અકસ્માતે તળાવમા પડી કે આત્મહત્યા કરી એ તપાસ નો વિષય હોય પીઆઇ.ડામોર પીએમ રિપોર્ટ બાદ સ્પષ્ટ થશે તેવુ જણાવ્યુ હતુ.

વેરીતળાવ માંથી ગોંડલ ને પાણી પુરુ પડાય છે.તળાવ ની અંદર કાંઠા નજીક બનાવાયેલાં કોઠામાં થી મોટી પાઇપ લાઇન દ્વારા પાણી સપ્લાય થઇ ખોડીયાર નગર માં આવેલી સાત ટાંકીએ પંહોચે છે.અને ત્યાંથી શહેર નાં વિવિધ વિસ્તાર માં પાણી પંહોચતું કરાયછે.ત્યારે યુવતી વેરીતળાવ પડી હોય કોઠા તરફ ખેંચાઇ હતી.બાદ માં વાલ્વમાં તિવ્ર ગતિએ પાણીનો પ્રવાહ વહેતો હોય યુવતી નું માથુ વાલ્વમાં ફસાયુ હતુ.જેને કારણે પાણીનો પ્રવાહ અટકી જઈ ધીમો થયો હતો.યુવતી બે ત્રણ દિવસ થી તળાવમાં પડી હોય મૃતદેહ કોહવાયેલી હાલત માં મળ્યો હતો.

# કચ્છના ગુનેરી નજીકનો વિસ્તાર પ્રથમ 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ' જાહેર

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતમાં કચ્છના ગુનેરી નજીકના વિસ્તારને પ્રથમ 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ' જાહેર કરવામાં આવી છે. આ રીતે બાયોડાયવર્સિટી સંવર્ધન ક્ષેત્રે ગુજરાતના નામે વધુ એક સિદ્ધિ નોંધાઈ છે. પ્રવાસન અને પ્રકૃતિ ક્ષેત્ર દેશ અને વિદેશમાં આગવું સ્થાન ધરાવતા 'કચ્છ'ને વધુ એક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે.

રાજ્ય સરકારના સતત પ્રયાસોથી કચ્છના લખપત તાલુકાના ગુનેરી ગામના ૩૨.૭૮ હેકટર વિસ્તારને ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ દ્વારા 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ' જાહેર કરાવામાં આવ્યો છે, જે કચ્છની વિવિધ વિશેષ ઓળખમાં વધુ એક નવું નજરાણું ઉમેરાયું છે

વન અને પર્યાવરણ વિભાગ અંતર્ગત ગુજરાત બાર્યોડાયવર્સિટી બોર્ડની જૈવિક વિવિધતાના સંરક્ષણ અને સંવર્ધનના મહત્વના પગલારુપે કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ગુનેરી ખાતે સ્થિત 'ઈનલેન્ડ મેંગ્રૂવ ગુનેરી'' સાઈટને ગુજરાતની પ્રથમ'' બાર્યોડાયવર્સિટી હેરિટેજ સાઈટ '' તરીકે જાહેર કરવામાં આવી છે.

મેન્ગ્રૂવ મુખ્યત્વે દરિયા કિનારે એવી જગ્યાએ જોવા મળે છે જ્યાં ૨૪ કલાકમાં એકવાર પાણી આવીને જતું રહેતું હોય, જ્યાં સતત દલદલ એટલે કે કીચડ રહેતું હોય ત્યાં જ જોવા મળે છે. પરંતુ અરબી સમુદ્રથી ૪૫ કિ.મી.ના અંતરે અને કોરી ક્રીકથી ૪ કિ.મીના અંતરે ગુનેરી ખાતે આવેલા મેંન્ગ્રૂવમાં પાણી ક્યારેય આવતું નથી કે કીચડ કે દલદલ નહીં પણ સપાટ જમીન ઉપર ૩૨.૭૮ હેક્ટર વિસ્તારમાં મેંન્ગ્રૂવ જંગલની જેમ પથરાયેલા જોવા મળે છે, જે આપોઆપ એક વિશિષ્ટતા છે.

આવી એક સપાટ જમીન પર જંગલની જેમ પથરાયેલા મેન્ગ્રૂવની વિશિષ્ટ અને યુનિક જગ્યા વિશે લોકોને જાણવા મળે એ ખૂબ જરુરી છે. તેનું સંરક્ષણ અને સંવર્ધન થાય તે હેતુથી ગુજરાત બાર્યોડાયવર્સિટી બોર્ડની ભલામણને ધ્યાને લઈ ગુજરાત સરકાર દ્વારા કચ્છ જિલ્લાના લખપત તાલુકાની ''ઈનલેન્ડ મેંગ્રૂવ ગુનેરી'' સાઈટને ગુજરાતની પ્રથમ ''બાર્યોડાયવર્સિટી હેરિટેજ સાઈટ'' (બી.એચ.એસ.) તરીકે જાહેર કરવામાં આવી છે. હવે ગુજરાત બાર્યોડાયવર્સિટી બોર્ડના મેનેજમેંટ પ્લાન થકી તેના ફ્લોરા અને ફૌનાનું સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવનાર છે.

રાજ્ય સરકાર દ્વારા એ બાબત સુનિશ્ચિત કરવામાં આવી છે કે, સ્થાનિકોના હક્ક અને વિશેષ અધિકારોનું સન્માન કરવામાં આવશે.

ઉપરાંત સ્થાનિકો, વન વિભાગના કર્મચારીઓ અને સ્થાનિક વન અને આદીવાસી પ્રજાના ક્ષમતા વર્ધન તાલીમ દ્વારા બાર્યોડાયવર્સિટીનુ સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવશે, તેમ વન અને પર્યાવરણ વિભાગના જાહેરનામામાં જણાવાયું છે.

# રાજકોટઃ હત્યા કેસમાં રાજમોતી ઓઈલ મિલના માલિક સમીર શાહ સહિત ત્રણને આજીવન કેદ

## બેડી પરા પોલીસ ચોકીના પી.એસ.આઈ. મારું, એએસઆઈ યોગેશ ભટ્ટ સહિત ૧૧ શખ્સો સામે ગુનો નોંધાયો હતો, છ શખ્સોને શંકાનો લાભ

રાજકોટ તા.૩૦:

રાજકોટની રાજમોતી ઓઈલ મિલના અમદાવાદ સ્થિત બ્રાન્ચ મેનેજરનું ઉચાપતની શંકાએ અમદાવાદથી અપહરણ કરી રાજકોટ લાવી પોલીસ ચોકીમાં માર મારતા મોત નીપજ્યું હતું. જે ચકચારી હત્યા કેસમાં સંડોવાયેલા રાજકોટ રાજમોતી મિલના માલિક સમીર શાહ, એએસઆઇ યોગેશ ભટ્ટ અને ડ્રાઈવર ક્રિપાલસિંહ ચુડાસમાને તકસીરવાન ઠેરવી કોર્ટે આજીવન કેદની સજા અને સાત આરોપીને શંકાનો લાભ આપી મુક્ત કરવામાં આવ્યા છેઆ કેસની હકીકત મુજબ, રાજકોટના બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ રાજમોતી ઓઈલ મિલના અમદાવાદના કર્મચારી (મેનેજર)નું પોલીસ કસ્ટડી દરમ્યાન શંકાસ્પદ હાલતમાં મૃત્યુ થયેલ હોવાના અનુસંધાને મૃતકના બનેવી અશોક કેવલરામ ઠકકર (રહે. ડીસા)એ રાજમોતી ઓઈલ મિલના માલિક સમીર શાહ, મેનેજર સમીર ગાંધી, પોલીસ સબ ઈન્સપેકટર મારૂ, આસિ. સબ ઈન્સપેકટર યોગેશ ભટ્ટ, સહિતના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન ધોરણસરની કાર્યવાહી અને પોલીસ તપાસના અંતે તપાસનીશ અધિકારી દ્વારા મુખ્ય આરોપીઓ અને આરોપીઓને સાથ આપનાર અન્ય વ્યકિતઓ વિરૂધ્ધ કોર્ટમાં અલગ અલગ ચાર્જશીટ કરવામાં આવ્યું હતું. જે કેસ ચાલવા ઉપર આવતા રાજમોતી ઓઈલ મિલના રાજકોટ ખાતેના મેનેજર સમીર ગાંધીએ તાજના સાક્ષી બનવાની આપેલી અરજી કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવતા તેની જુબાની કોર્ટ રૂબરૂ લેવામાં આવી હતી. તેમજ તાજના સાક્ષીની જુબાની ઉપરથી અન્ય આરોપીઓની સંડોવણી ખુલવા પામતી હોય, જેથી મુળ ફરિયાદી દ્વારા અન્ય આરોપીઓને જોડવા માટે કોર્ટમાં અરજી આપવામાં આવી હતી.

તાજના સાથી તરીકે સમીર ગાંધી દ્વારા અદાલત રૂબરૂ જુબાની દરમ્યાન બનાવની સધળી અને સત્ય હકીકતોથી કોર્ટને વાકેફ કરેલ, જે જુબાની દરમ્યાન તેણે રાજમોતી ઓઈલ મિલના બીજા સહભાગીદાર આરોપી સમીર શાહના ભાઈ શ્યામ શાહનો ઉલ્લેખ કર્યો હતો અને તેણે બનાવમાં શું ભાગ ભજવ્યો હતો તે હકીકતો કોર્ટને જણાવી હતી.

બનાવમાં રાજમોતી મિલના માલીક ભાગીદાર સમીરભાઈ શાહ અને શ્યામભાઈ શાહે અન્ય આરોપીઓને મૃતક દિનેશભાઈને મળવા માટે અમદાવાદ મોકલેલ હતા. તેઓને મળ્યા બાદ તેઓ બન્ને દ્વારા તાજના સાક્ષી સાથે ફોનમાં વાતચીત કરેલ હતી અને તેઓ દ્વારા દિનેશ દક્ષિણીને રાજકોટ લઈ આવવા માટેની સુચના આપવામાં આવી હતી. આ બન્ને દ્વારા દિનેશ દક્ષિણીને રાજમોતી ઓઈલ મિલમાં ડરાવવા માટે મારવાની સુચના પણ આપવામાં આવેલ અને ત્યારબાદ પણ મૃતક દ્વારા ગેરરીતિની રકમ અંગે ખુલાસો ન આપતા તેઓ દ્વારા બેડીપરા પોલીસ ચોકીના આસી. સબ ઈન્સપેકટર યોગેશ ભટ્ટ સાથે વાતચીત થયેલ અને રકમ સામ, દામ, દંડ જે રીત અપનાવી હોય તે અપનાવી પૈસા કઢાવી આપવા જણાવેલ, અને તેઓ દ્વારા મળેલ સુચના મુજબ યોગેશભાઈએ દિનેશ દક્ષિણીને માર મારેલ અને ત્યાં હાજર વોર્ડ કાર્તીક ગડીયાએ નિલેશભાઈના હાથ પકડી રાખેલ હતા. ત્યારબાદ તે બેશુધ્ધ થઈ જતા તેઓને સારવાર અર્થે દવાખાને લઈ જવામા આવેલ ત્યાં હાજર ફરજ પરના ડોકટરે દિનેશ દક્ષિણી મૃત્યુ નીપજ્યું હોવાની હકીકત જણાવી હતી. આ રીતે તાજના સાક્ષી દ્વારા પોલીસ તપાસમા જે આરોપીઓ હતા, તે ઉપરાંતના વ્યકિતઓ દ્વારા ગુન્હામાં સક્રીય ભાગ ભજવેલ હોવાની હકીકતો જણાવી હતી. ઉપરોકત હકીકતોને ધ્યાને લઈ સદરહુ કામના ફરિયાદી અશોકભાઈ ઠકકરે અદાલતમાં ક્રિ.પ્રો.કો. કલમ - ૩૧૯ અન્વયે ચાર્જશીટના આરોપીઓ ઉપરાંત શ્યામ શાહ તથા બેડીપરા પોલીસ ચોકીમાં હાજર કાર્તીક ગડીયાને ગુનાહીત કૃત્ય આચરેલ હોવા સંબંધની હકીકતો ખુલતા તેઓને પણ તહોમતદારો તરીકે જોડવા અરજી આપવામા આવી હતી. જે અરજીના અનુસંધાને કોર્ટ દ્વારા ખુલાસો કરવા માટે તમામ આરોપીઓને નોટિસ ઈસ્યુ કરવાનો હુકમ ફરમાવેલ હતો. જે ચકચારી હત્યા કેસમાં આરોપી રાજમોતી મિલના માલિક સમીર મધુકાંત શાહ, બેડી પરા ચોકીના તત્કાલિન એએસઆઈ યોગેશ રમણીકલાલ ભટ્ટ, સમીર શાહના ડ્રાઈવર ક્રિપાલસિંહ ચુડાસમા, રાજકોટ મિલના મેનેજર સમીર ઈશ્વરલાલ ગાંધી, કર્મચારીઓ સંદીપકુમાર કીર્તિકુમાર ગાંધી, કીર્તિકુમાર શાંતિલાલ ગાંધી, ધર્મેન્દ્ર રમણલાલ પટેલ, ત્રિથેશ કાંતિભાઈ ગુર્જ્જર, વિજયકુમાર દેવશી સિંધવ, કૈલાશ પુસાજી મારવાડી સામે ચાર્જશીટ દાખલ થયું હતું. ચાર્જશીટ બાદ કેસ રાજકોટ સેશન્સ કોર્ટમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ સરકાર પક્ષે અને ફરિયાદ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને તેમજ તાજના સાક્ષી સમીર ગાંધી મૃતકની પત્ની, તપાસ અધિકારી, મેડિકલ પેપર્સ સહિતના સાહેદોની જુબાનીને ધ્યાને એડિશનલ સેશન્સ જજ એસ.વી. શર્માએ રાજમોતી મિલના માલિક સમીર શાહ, એએસઆઇ યોગેશ ભટ્ટ અને ડ્રાઇવર ક્રિપાલસિંહ ચુડાસમાને તકસીરવાન ઠેરવી કોર્ટે આજીવન કેદની સજા તેમજ રાજકોટ મિલના મેનેજર સમીર ઈશ્વરલાલ ગાંધી, કર્મચારીઓ સંદીપકુમાર કીર્તિકુમાર ગાંધી, કીર્તિકુમાર શાંતિલાલ ગાંધી, ધર્મેન્દ્ર રમણલાલ પટેલ, ત્રિથેશ કાંતિભાઈ ગુર્જ્જર, વિજયકુમાર દેવશી સિંધવ, કૈલાશ પુસાજી મારવાડીને શંકાનો લાભ આપી નિર્દોષ મુક્ત કરતો હુકમ કર્યો છે.ચાલુ કેસ દરિમયાન કિતી કુમાર ગાંધી નું મોત નિપજતા તેમની સામે કેસ એબેટ કરવામાં આવ્યો હતો.આ કામમા મુળ ફરીયાદી તરફે એડવોકેટ દરજ્જે લલિતસિંહ જે. શાહી, ભવનેશ એલ. શાહી, કૃણાલ એલ. શાહી, ચંદ્રકાંત એમ. દક્ષીણી, યોગેશ બારોટ, સુરેશ આર. ફળદુ, હીતેષ જી. ગોહેલ, મનીષ આર. ગુરૂંગ તથા નિશાંત એમ. જોષી તેમજ સરકાર પક્ષે સ્પે.પી.પી. તરીકે અમદાવાદના ચેતનભાઈ શાહ અને હિરેન પટેલ રોકાયા છે.




# સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ માટે ૧૦૦૧.૪૨ કરોડના કામને મંજૂરી

સુરેન્દ્રનગર,તા.૩૦

ગુજરાતમાં રોડ-રસ્તાની સાથે અધતન માળખાકીય સુવિધાઓ લોકોને ઉપલબ્ધ કરાવવા માટે વિવિધ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યા છે, ત્યારે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકકરી દ્વારા વધુ એક મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર પોસ્ટ કરી માહિતી આપી છે. જે મુજબ, સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૧ના લીંબડી-ધ્રાંગધ્રા વિભાગને પેવ્ડ શોલ્ડર કન્ફિગરેશન સાથે ૨-લેન બનાવવા માટે મંજૂરી આપવામાં આવી છે.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ પોસ્ટ કરતાં જણાવ્યું કે, ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય રાજમાર્ગ-૫૧ના લિંબડી-ધ્રાંગધ્રાને પેવ્ડ શોલ્ડર કોન્ફિગ્રેશન સાથે ૨ લેનમાં અપગ્રેડ કરવા માટે ૧૦૦૧.૪૨ કરોડના કામને મંજૂરી આપવામાં આવી છે.

ગુજરાત રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૧ બેટ દ્વારકાથી શરૂ થાય છે અને કુડા ખાતે સમાપ્ત થાય છે. આ પ્રોજેકટ લીંબડી-સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા સેક્શનના અપગ્રેડેશન માટે છે. આ પ્રોજેક્ટ કોરિડોર સૌરાષ્ટ્ર ક્ષેત્ર અને ગુજરાતના કચ્છ ક્ષેત્રના મહત્વપૂર્ણ સ્થળોને જોડે છે અને બે મહત્વપૂર્ણ હાઈવે અમદાવાદ-વિરમગામ-માળીયા (જીઉૅ-૭) અને અમદાવાદ-રાજકોટ (દ્રઉૅ-૪૭) વચ્ચે ઈન્ટર કોરિડોર રૂટ તરીકે કામ કરે છે.

જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે આ રસ્તાને ગ્રેડ-સેપરેટેડ સ્ટ્રક્ચર્સ અને ભૌમિતિક સુધારાઓ સહિત સલામતીના કાર્યો સાથે પેવ્ડ શોલ્ડર સાથે ૨-લેનમાં અપગ્રેડ કરાશે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્ર વચ્ચે વધુ સારી કનેક્ટિવિટી પૂરી પાડવાનો છે.

# ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસના બે મોબાઈલ ફોન ચોરાયા!

અમદાવાદ,તા.૩૦

લગ્ન, બજાર,પાર્ક વગેરેમાં સામાન્ય લોકોના મોબાઈલ ફોન ચોરાઈ જવા એ સામાન્ય બાબત છે. પરંતુ ક્યારેક વીઆઈપી લોકો પણ તેનો ભોગ બને છે. તાજેતરનો કિસ્સો ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશનો છે, જેમના બે મોબાઈલ ફોન દહેરાદૂનમાં ચોરાઈ ગયા હતા. મસૂરી રોડ પર એક લગ્ન સમારોહ દરમિયાન ચોરી થઈ હતી. રજિસ્ટ્રાર જનરલે પોલીસમાં ફરિયાદ નોંધાવી. જે બાદ રાજપુર પોલીસ સ્ટેશને કેસની તપાસ શરૂ કરી છે.

ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ ૨૬ જાન્યુઆરીએ દેહરાદૂનના માલસીમાં ન્યુ મસૂરી રોડ પર ફૂટહિલ ગાર્ડનમાં એક લગ્ન સમારોહમાં હાજરી આપવા આવ્યા હતા. લગ્ન સ્થળે સાંજે ૪:૪૫ થી ૫:૧૫ વાગ્યાની વચ્ચે તેમના બે આઈફોન ચોરાઈ ગયા હતા. આમાંથી એક ફોન મુખ્ય ન્યાયાધીશના નામે અને બીજો રજિસ્ટ્રાર જનરલની ઓફિસ દ્વારા ખરીદવામાં આવ્યો હતો.

રાજપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીડી ભટ્ટે જણાવ્યું હતું કે ગુજરાત હાઈકોર્ટ અમદાવાદના રજિસ્ટ્રાર જનરલ મૂળચંદ ત્યાગીએ ફરિયાદ આપી હતી. જેના આધારે અજાણ્યા આરોપીઓ સામે ચોરીનો ગુનો નોંધવામાં આવ્યો છે. બીજી તરફ, મુખ્ય ન્યાયાધીશને ચોરીની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ તપાસ દરમિયાન ચોરીનો ગુનો શોધી શકાયો ન હતો. નજીકના સીસીટીવી ફૂટેજ સ્કેન કરવાની સાથે, પોલીસ સર્વેલન્સ દ્વારા મોબાઈલ ચોરને પણ શોધી રહી છે.

તાજેતરમાં, મુખ્ય ન્યાયાધીશ ત્યારે ચર્ચામાં આવ્યા જ્યારે હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન એક વકીલ સાથે તેમની ઉગ્ર દલીલબાજી થઈ. એડવોકેટ બ્રિજેશ ત્રિવેદીએ કોર્ટમાં તેમના વર્તનની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'આ વારંવાર વિરુદ્ધ રીતે થઈ રહ્યું છે.' કોર્ટના બધા વરિષ્ઠ વકીલો આ સહન કરવા માટે પૂરતા દયાળુ છે. જ્યારે મામલો વધુ વકર્યો, ત્યારે ત્રિવેદીએ તેમના પર વાચાળ ન્યાયાધીશ હોવાનો આરોપ લગાવ્યો.

# રાજકોટઃ બેડી ગામે રેઢી કારમાંથી ૫૭૬ બોટલ દારૂ પકડાયો

## કુવાડવા રોડ પર વિદેશી દારૂની ૨૪ બોટલ સાથે બકાલી ઝડપાયો

રાજકોટ તા.૩૦:

શહેરમાં બે સ્થળે વિદેશી દારૂના દરોડા પડ્યા છે. જેમાં મોરબી રોડ પર આવેલા બેડી ગામે રેઢી કારમાંથી વિદેશી દારૂની ૫૭૬ બોટલ અને કુવાડો રોડ પર ડી માર્ટની પાછળ શરાબની ૨૪ બોટલ સાથે બકાલીને ઝડપી, ઈકો કાર અને વિદેશી દારૂ મળી રૂ ૩.૧૯ લાખનો મુદ્દામલ પોલીસે કબ્જે કર્યો છે. જ્યારે ઈકો કાર ના ચાલકની નંબરના આધારે શોધ ખોળ હાથધરી છે. બનાવની પ્રાપ્ત વિગત મુજબ કુવાડવા રોડ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, મોરબી રોડ પર આવેલા બેડી ગામે વિશાલ પાનની સામે જી જે ૦૩ ૩૧૬૩ નંબરની ઈકો કાર રેઢી પડી છે અને તેમાં વિદેશી દારૂનો જથ્થો છે. કુવાડવા રોડ પોલીસની ટીમ બેડીગામે પહોંચી કારની તલાશી લેતા કારમાંથીવિદેશી દારૂના ૫૭૫ ચપલા મળી આવ્યા હતા. પોલીસે કાર અને વિદેશી દારૂ મળી રૂ. ૩ લાખનો મુદા માલ એએસઆઈ વી આર મકવાણા, હેડ કોન્સ્ટેબલ વી એચ ગરચર અને કોન્સ્ટેબલ ભાવેશભાઈ મકવાણા કબ્જે કરી કારના નંબરના આધારે બુટલેગરની શોધખોળ હાથ ધરી છે. જ્યારે બી ડિવિઝન પોલીસ પેટ્રોલિંગમાંથી હતી ત્યારે બાતમી મળી હતી કે કુવાડવ રોડ પર એલજી પાર્ક શેરી નંબર ૨માં રહેતો અને શાક બકાલાનો ધંધો કરતો દેવેન્દ્ર કુમાર હેમરાજ નામનો વેપારી ડી માર્ટની પાછળ વિદેશી દારૂનાજથ્થા સાથે ઉભો છે. બી ડિવિઝન પોલીસ ની ટીમ ડી માર્ટ પાસે જઈ દેવેન્દ્ર કુમારને વિદેશ દારૂની૨૪ બોટલ સાથે ઝડપી લીધો છે.

# રાજકોટ અગ્નિકાંડમાં, મહાપાલિકાના તત્કાલીન ટીપીઓ સાગઠીયા, ફાયર ઓફિસર ખેર અને ખેડૂત બંધુના જામીન હાઈકોર્ટે ફગાવ્યા

## સસ્પેન્ડેડ એટીપી રાજેશ મકવાણા, ગૌતમ જોષી અને એન્જિનિયર જયદીપ ચૌધરીના જામીન મંજૂર

રાજકોટ તા.૩૦:

રાજકોટમાં કાલાવડ રોડ ઉપર આવેલ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં નાના બાળકો અને ગેમઝોનના કર્મચારીઓ સહિત ૨૭ લોકો ભડથું થઈ ગયા હતા. આ બનાવને ગંભીરતાથી લઇ રાજ્ય સરકાર દ્વારા નિમવામાં આવેલી એસ.આઇ.ટી.ની તપાસમાં આ બનાવવાળી જગ્યાનું ફાયર એનઓસી, બાંધકામ સહિતની અનેક બાબતોમાં મહાપાલિકા સહિતના તંત્રો દ્વારા ગેમઝોનના ભાગીદારો અને તંત્રના જવાબદાર અધિકારીની સાંઠગાંઠ હોવાના કારણે આ દુઃખદ ઘટના બની હોવાનું બહાર આવ્યું હતું. તેથી ટીઆરપી ગેમઝોનના ભાગીદારો, સંચાલકો અને મહાનગરપાલિકા અધિકારીઓ સહિતના ધવલ ભરતભાઈ ઠક્કર, યુવરાજસિંહ હરિસિંહ સોલંકી, રાહુલ લલિતભાઈ રાઠોડ, નીતિન મહાવીરપ્રસાદ લોઢા, અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, મહેશ અમૃતભાઈ રાઠોડ, મનસુખ ધનજીભાઈ સાગઠીયા, ગૌતમ દેવશંકર જોષી, મુકેશ રામજીભાઈ મકવાણા, જયદિપ બાલુભાઈ ચૌધરી, રાજેશ નરશીભાઈ મકવાણા, રોહિત અસમલભાઈ વિગોરા, ભીખાભાઈ જીવાભાઈ થીબા, ઈલેશ વલભભાઈ ખેર શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. દરમિયાન આ કેસમાં ચાર્જશીટ થયા બાદ જમીન માલિક અશોકસિંહ જાડેજા, કિરીટસિંહ જાડેજા, ફાયર ઓફિસર ઈલેશ ખેર, ચીફ ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠીયા, આસી. ટાઉન પ્લાનિંગ ઓફિસર રાજેશ મકવાણા, આસી. ટાઉન પ્લાનિંગ ઓફિસર જયદિપ ચૌધરીએ સેશન્સ કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજૂર થતાં ગુજરાત હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન મેળવવા અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ એટીપી રાજેશ મકવાણા, ગૌતમ જોષી અને એન્જીનીયર જયદીપ ચૌધરીના વકીલ વિશાલ આણંદજીવાલા, એસ.બી. ટોળીયા અને પંથીલ મજમુદાર દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ હાઈકોર્ટે જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે. જ્યારે સ્પે.પીપી વિરાટ પોપટની રજૂઆતને ગ્રાહ્ય રાખી પૂર્વ ટીપીઓ એમ.ડી. સાગઠિયા, ફાયર ઓફિસર ઈલેશ ખેર, જમીન માલિક અશોકસિંહ જાડેજા અને કિરીટસિંહ જાડેજાની રેગ્યુલર જામીન અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે.આ કેસમાં હાઈકોર્ટમાં આરોપીઓ તરફે વિશાલ આણંદજીવાલા, એસ.બી. ટોળીયા, ધ્રુવ ટોળીયા, પંથીલ મજમુદાર, સાર્વિલ મજમુદાર, હાઈકોર્ટમાં સરકાર પક્ષે સ્પે.પી.પી. તરીકે વિરાટ પોપટ, રાજકોટ સેશન્સ કોર્ટમાં સ્પેશિયલ પીપી તુષાર ગોકાણી, એડિશનલ સ્પે. પીપી નિતેશ કથીરીયા, હતભાગી પતિવાર વતી સુરેશ ફળદુ , ડિસ્ટ્રીકટ બાર એશો.ના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા, ભાવેશ હજારે, કીર્તિ હડિયા, રમેશ જાદવ અને પદ્મિની પરમાર રોકાયા હતા.

# હાલાર પંથકમાં વધુ ૧.૨૨ કરોડની વિજ ચોરી પકડાઈ

(નયના દવે દ્વારા) જામનગર તા.૩૦:

જામનગર તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગત સોમવારથી વિજ તંત્ર દ્વારા પુનઃવિજ ચેકિંગની કામગીરી શરૂ કર્યા બાદ ગઈકાલે સતત ત્રીજા દિવસે પણ અવિરત ચાલુ રાખવામાં આવી હતી, અને જામનગર શહેર અને તાલુકા તેમજ લાલપુરના ગ્રામ્ય વિસ્તારમાં ચેકિંગ હાથ ધરી વધુ ૧,૨૨,૪૦,૦૦૦ ની વીજ ચોરી પકડી પાડવામાં આવી છે. જામનગર પીજીવીસીએલ વર્તુળ કચેરી ની ચેકિંગ ડ્રાઇવ દ્વારા ગઈકાલે બુધવારે જામનગર શહેરના સનસીટી, મહાપ્રભુજી ની બેઠક, કાલાવડ નાકા બહારની સોસાયટી, બેડી રિંગ રોડ સોસાયટી સહિતના વિસ્તારોમાં વિજ ચેકિંગ કરાયું હતું. જ્યારે જામનગર તાલુકાના મોટી ખાવડી, નાની ખાવડી, શાપર, મોટા લખિયા, વસઈ, બેડ, અને નાઘેડી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ચેકિંગ કરાયુ હતું. જ્યારે લાલપુરના હરીપર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ વિજ ચેકિંગ ની કાર્યવાહી કરવામાં આવી હતી.ગઈકાલે કુલ ૪૩ જેટલી વિજચેકિંગ ટુકડી ને મેદાનમાં ઉતારવામાં આવી હતી, જેની મદદ માટે એસઆરપીના ૧૨ જવાનો, ૨૦ પોલીસ કર્મચારી તથા ત્રણ વિડિયોગ્રાફર ને જોડવામાં આવ્યા હતા. ગઈકાલે કુલ ૫૮૦ વીજ જોડાણ તપાસવામાં આવ્યા હતા.જેમાં થી ૯૦ વીજ જોડાણ માં ગેરરીતિ જોવા મળતાં આવા આસામીઓ ને કુલ રુ.૧,૨૨,૪૦,૦૦૦ નાં વીજ ચોરી ના પુરવણી બિલ આપવામાં આવ્યા હતા.

# મોરબીઃ ડિવાઈડર કુદી ટ્રક રોંગ સાઈડમાં બાઈક સાથે અથડાયો, બેને ઈજા

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩૦:

નાગડાવાસ ગામના પાટિયા નજીક પુરઝડપે આવતો ટ્રક ડીવાઈડર કુદાવી રોંગ સાઈડમાં બાઈક સાથે અથડાયો હતો જે અકસ્માતમાં બાઈક સવાર બે યુવાનને ઈજા પહોંચી હતી

મોરબી તાલુકાના જુના નાગડાવાસ ગામે રહેતા મેરામભાઈ ભાનુભાઈ કુવાડીયા (ઉ.વ.૩૧) વાળાએ ટ્રક કન્ટેનર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છેકે ગત તા. ૨૮ ના રોજ ટ્રક ચાલકે નાગડાવાસ ગામના પાટિયાથી રામપર પાટિયા વચ્ચે ટ્રક પુરઝડપે ચલાવી ડીવાઈડર પર ચડાવી સામેથી કાયદેસર લેનમાં આવતા ફરિયાદીના બાઈકને હડફેટે લીધુ હતું જે અકસ્માતમાં ફરિયાદી મેરામભાઇ અને રમેશભાઈ મેણંદભાઈ ચાવડા ઈજા પહોચી હતી મોરબી તાલુકા પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

**બાઈક સ્લીપ થતા ગંભીર ઈજાગ્રસ્ત યુવાનનું મોત**

ટીંબડી પાટિયા નજીક બાઈક સ્લીપ થતા પરપ્રાંતીય યુવાનને ગુપ્ત ભાગે ઈજા પહોંચી હતી અને શરીરે નાની મોટી ઈજા પહોંચતા યુવાનનું મોત થયું હતુ બનાવ મામલે પોલીસે વધુ તપાસ ચલાવી છે મૂળ હરિયાણાના વતની અને હાલ સિરામિક સીટી મોરબી ૨ ના રહેવાસી યોગેશ બરંજ શર્મા (ઉ.વ.૩૨) નામના યુવાન ગત તા. ૧૫ ના રોજ પોતાનું ડીલક્ષ મોટરસાયકલ જીજે ૩૬ કે ૩૨૨૩ લઈને ઓફિસેથી ઘરે આવતા હતા ત્યારે મોરબી માળિયા નેશનલ હાઈવે પર ટીંબડી પાટિયા પાસે બાઈક કોઈ કારણોસર સ્લીપ થયું હતું જેથી બાઈક ચાલક યોગેશ શર્મા પડી જતા ગુપ્ત ભાગ પાસે ગંભીર ઈજા અને શરીરે નાની મોટી ઈજા પહોંચતા સારવાર દરમિયાન મોત થયું હતુ મોરબી તાલુકા પોલીસે અકસ્માતના બનાવ મામલે ફરિયાદ નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે

# મોરબીમાં રૂા.૨૫.૩૦ લાખ ઊંચા વ્યાજે આપી ૩૬ કોરા ચેક બળજબરીથી લઈ લીધા, ઉઘરાણી કરી ધમકી આપી

## ૧૩ વ્યાજખોર ઈસમો વિરુદ્ધ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩૦:

મોરબીમાં વ્યાજખોરો બેલગામ બની ગયા છે પોલીસના લોક દરબાર કે અન્ય કામગીરી છતાં વ્યાજખોરોના ત્રાસમાંથી નાગરિકો મુક્ત થયા નથી જેનો વધુ એક તાજો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે નાની વાવડી ગામે રહેતો વેપારી યુવાન વ્યાજના વિષચક્રમાં ફસાયો છે જેને ૧૩ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ ચલાવી છે

મોરબીના નાની વાવડી ગામે રહેતા જયેશ કરશન રાજપરા (ઉ.વ.૩૩) નામના વેપારી યુવાન ટાઈલ્સ ટ્રેડીંગનો વેપાર કરે છે જેને આરોપીઓ રાજુભાઈ આહીર, ભગીરથભાઈ હુંબલ, સુમનભાઈ રાઠોડ, અરવિંદસિંહ ઝાલા, જયદીપભાઈ પાટલે, ધારાભાઇ રબારી, રણજીતભાઈ આહીર, સંજયભાઈ આહીર, ગોપાલભાઈ રાઠોડ, સતીષભાઈ ભોરણીયા, રાજુભાઈ ઘાંચી, અકીબભાઈ મીર અને જયદીપ સવાભાઇ ડાંગર એમ ૧૩ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ફરિયાદી જયેશભાઈને ધંધા માટે રૂપિયાની જરૂરત પડતા વર્ષ ૨૦૨૨ થી આજદિન સુધીમાં આરોપીઓ પાસેથી રૂપિયા વ્યાજે લીધા હતા અને આરોપી રાજુભાઈ આહીર રહે કુંતાસી તા. મોરબી વાળાએ ફરિયાદીની સ્વીફ્ટ ડીઝાઈર કાર બળજબરીપૂર્વક પડાવી લઈને તમામ આરોપીઓએ કુલ રૂ ૨૫,૩૦,૦૦૦ ઊંચા વ્યાજે આપી બળજબરીપૂર્વક કુલ કોરા ચેક ૩૬ લખાવી લીધા હતા તેમજ ફરિયાદીએ મૂડી તેમજ વ્યાજના રૂપિયા આપી દીધા છતાં મૂડી અને વ્યાજની ઉઘરાણી કરી યુવાનને ધમકી આપતા હોવાની ફરિયાદ નોંધાવી છે મોરબી તાલુકા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે

# જામનગરઃ એસ.ટી.બસનો કંડકટર ઈંગ્લિશ દારૂ સાથે પકડાયો

(નયના દવે દ્વારા)

જામનગર તા.૩૦:

જામનગર જિલ્લા ના જામજોધપુરમાં ફરજ બજાવતા અને સંગચિરોડા ગામમાં રહેતા એસટી કંડકટર ઈંગ્લિશ દારૂ સાથે પકડાયા છે, અને પોલીસે તેની સામે દારૂબંધી ભંગ અંગે ગુનો નોંધ્યો છે. જામજોધપુર તાલુકાના સંગ ચિરોડા ગામમાં રહેતા તેમજ એસ.ટી. વિભાગમાં કંડકટર તરીકે ફરજ બજાવતા આવળભાઈ પરબતભાઈ કટારા (ઉ.વ.૩૮) કે જેઓ જામજોધપુર ટાઉનમાં એક મોબાઇલની દુકાન પાસેથી ઈંગ્લિશ દારૂ સાથે મળી આવ્યા હતા. જામજોધપુર પોલીસે તેની અટકાયત કરી લઈ તેની સામે દારૂબંધી ભંગ અંગે ગુનો નોંધ્યો છે.

**પ્રૌઢ મહિલાનું નદીમાં પડી જતાં ડૂબી જતા મૃત્યુ**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ભાયુ ખાખરીયા ગામમાં રહેતા શીલાબા બળદેવસિંહ જાડેજા નામના ૫૮ વર્ષના પ્રૌઢ મહિલા કે જેઓ ગઈકાલે ગામની નદીએ કપડાં ધોવા માટે ગયા હતા, જ્યાં અકસ્માતે નદીના પાણીમાં પડી જતાં ડૂબી જવાથી તેઓનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પુત્ર પ્રતિપાલસિંહ બળદેવસિંહ જાડેજાએ પોલીસને જાણ કરતાં કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.એસ. જાડેજા બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી સમગ્ર બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે.